Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિઃ ॐ

# હરિભાવ

Year : 23 - Issue : 11

August, 2019



*આ જીવ* પરત્વે ઘણા ઘણાના અન્યાય પ્રવર્તેલા છે, તેમ છતાં તે તે સર્વ પરત્વે એકલો સદ્ભાવ દાખવેલો છે.... શ્રી પરીક્ષિતભાઈની તો *આ જીવે* સેવા કરી છે. તેઓ જમતા હોય ત્યારે તેમની સાથે બેસતો, તેમની પથારી કરી આપતો, માંદેસાજે તેમના શરીરની સેવા કરતો, તેમનો ઓરડો પણ વાળતો અને પાણીની ગોળી પણ ભરતો.

- શ્રીમોટા

*'જીવન સંશોધન', ત્રી. આ., પૃ. ૩૯૩*



આત્માની ઉત્ક્રાંતિ અથવા તો કહો કે જડતત્ત્વના આવરણમાંથી થતો એનો પ્રસ્ફોટ અને ક્રમિક આત્મપ્રાપ્તિ એ જ પુનર્જન્મના સિદ્ધાંતનો ખરો આધાર છે. ...હિંદુ ધર્મે આ સત્યને પુરાતન કાળથી જાણેલું છે, પરંતુ એ એની અભિવ્યક્તિની સમતુલા જાળવી શક્યો નહિ.

આત્માના આ ક્રમિક પ્રસ્ફોટની વાત જો સત્ય હોય તો પછી પુનર્જન્મનો સિદ્ધાંત એ એક બૌદ્ધિક આવશ્યકતા છે, તેમ જ તાર્કિક રીતે અનિવાર્યપણે ફલિત થતો સિદ્ધાંત છે.

- શ્રીઅરવિન્દ

*'પ્રભુ અર્પણ', ડિસેમ્બર, ૨૦૧૮, ટા. પેજ ૨*

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**‘હરિવાણી ટ્રસ્ટ’ દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **પ્રભુદાસ જાની**
સહાયક : **વિવેક દેસાઈ**

**વર્ષ : ૨૩ અંક : ૧૧ ઑગસ્ટ, ૨૦૧૯**



**ટ્રસ્ટીમંડળ**

શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન



**સરનામાના ફેરફાર અંગે, ‘હરિભાવ’ ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**

ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (એરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**

‘હરિવાણી ટ્રસ્ટ’, C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી ‘હરિવાણી ટ્રસ્ટ’ ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : ‘હરિવાણી ટ્રસ્ટ’**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર **‘હરિભાવ’ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**


## અનુક્રમ


૧. સાધુમહાત્મા પરત્વે રાગ, ભક્તિ રાખનાર જીવના પુનર્જન્મ અંગે મેં પ્રયોગ કરેલો .................. શ્રીમોટા ૪
૨. સલામત સ્થિતિ જીવ કાજે સલામત નથી ......... શ્રીમોટા ૫
૩. અવતારને ઓળખવો અઘરો ........ શ્રીરામકૃષ્ણ પરમહંસ ૭
૪. ‘હું શા માટે હિંદુ થઈ ?’ : સિસ્ટર નિવેદિતા .............................. અનુ. ગુલાબભાઈ જાની ૮
૫. મન, વાણી અને કર્મથી જીવનયજ્ઞ થાય છે ............. ................................ શ્રી રવિશંકર મહારાજ ૧૦
૬. પદ્યપ્રસાદી.................................... શ્રીમોટા ૧૨
૭. હિમાલયમાં દિવ્યાનંદ : ૯ (સંપૂર્ણ) ......... શ્રીદાસાનુદાસ ૧૩
૮. પૂજ્યશ્રી દેવશંકરબાપા (૩) ..... શ્રી રસિકભાઈ ઈ.મહેતા ૧૫
૯. ભગવાનના નામથી કરણોમાં સ્નિગ્ધતા પ્રગટે છે .. શ્રીમોટા ૧૬
૧૦. પૂર્ણબ્રહ્મનારાયણી શ્રી શ્રી આનંદમયી... કાર્તિકેય અ. ભટ્ટ ૧૮
૧૧. આચારવિચાર .................. શ્રી ઈન્દુભાઈ રોશનિયા ૨૧
૧૨. સત્સંગ : પ્રશ્નોત્તરી ................. સ્વામી શરણાનંદજી ૨૨
૧૩. ધર્મ એટલે... ................................ શ્રીમોટા ૨૩
૧૪. શ્રીસદ્ગુરુલક્ષણ .................. સમર્થ સ્વામી રામદાસ ૨૪
૧૫. ‘બાળકોના મોટા’ ઑડિયો બુક ................. સંપાદક ૨૫
૧૬. જીવતો આશ્રમ ........................... રમેશ ભટ્ટ ૨૬


## જ્ઞાનદાન

**પૂજ્ય શ્રીમોટાના અમદાવાદ નિવાસી સદ્ગત સ્વજન શ્રી જયંતીભાઈ ડી. પટેલ (મારબલવાળા)ની પ્રથમ પુણ્યતિથિ (દેહાંત તા. ૩-૮-૨૦૧૮) નિમિત્તે સદ્ગતશ્રીના યશ-કલ્યાણની ભાવના સાથે તેમના જીવનસાથી શ્રી ઈન્દુબહેન અને પરિવાર તરફથી ‘હરિભાવ’ના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે, તે બદલ અમો એ સમગ્ર પરિવાર પ્રત્યે આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ. - સંપાદક**

## (૧) સાધુમહાત્મા પરત્વે રાગ, ભક્તિ રાખનાર જીવના પુનર્જન્મ અંગે મેં પ્રયોગ કરેલો

શ્રીમોટા

મને મારા ગુરુમહારાજે કહેલો એક સિદ્ધાંત યાદ આવે છે. તે એ, કે કોઈ જીવને કોઈ સાધુમહાત્મા પરત્વે રાગ, મોહ, ભક્તિ કોઈ પણ પ્રકારે હોય અથવા કોઈ મહાત્માને તેવા જીવ પરત્વે ભાવ હોય તો તેવા જીવનો કલ્યાણકારી પુનર્જન્મ તત્કાળ થઈ જાય છે. આ વાતની કસોટી મારા જીવનમાં જ કરી જોવાનું મારા મનમાં ઊગી આવ્યું.

**મારું જીવન તો હંમેશાં પ્રયોગશીલ જ રહ્યું છે.** પ્રયોગ કરતાં જે સિદ્ધ થાય તે જ સાચું શાસ્ત્ર. કેવળ વાંચેલી કે સાંભળેલી વાતો પર હું એમ ને એમ વિશ્વાસ મૂકી શકતો નથી. એટલે આપણે તો ગુરુમહારાજની કૃપાથી 'બા(સૂરજબા)નો જન્મ વહેલો થયો છે કે ?' તે ચકાસી જોવા માટે હું ધ્યાનમાં બેસી ગયો, તેથી મારી આધ્યાત્મિક સ્થિતિની પણ કસોટી થાય.

ધ્યાનની એક પરિસ્થિતિ છે, તેમાં 'સંયમ' આવે છે. યોગની ભાષાનો સંયમ છે. સામાન્ય રૂઢ અર્થમાં 'સંયમ' શબ્દ વાપરીએ છીએ તે નહિ. ધ્યાનમાં સંપૂર્ણપણે એકાકાર થઈ ગયા હોઈએ અને શરીરની સભાનતા જવાની પળ હોય તે જ પળે જો કોઈ સંકલ્પ આપણે રાખીએ તો તે સંકલ્પ સાકાર થઈ જાય. આ કંઈ નાનીસૂની વાત નથી. બોલવામાં સહેલું છે, પરંતુ આવી ઉત્કટ સભાનતા જીવતીજાગતી ચેતનવંતી રાખવી એ દુર્ઘટ છે, પરંતુ ગુરુમહારાજની દયાથી મારે માટે એવી સ્થિતિ સુલભ હતી, એટલું નમ્રતાપૂર્વક કહું તો માફ કરશો.

એટલે ધ્યાન ધરીને એવો સંકલ્પ (બાના પુનર્જન્મની માહિતી વિશે) મારા પોતાનામાં ધારણ કર્યો અને એમ તે ધારણ કરતાં જ કાશીની ગલીઓ, શેરીઓ, રસ્તાઓ, વળાંકો વગેરે શું શું હોય તે પ્રત્યક્ષ મારી નજરમાં આવ્યાં અને છેવટે એક વળાંકવાળી ગલીમાં આવેલ એક ઘરમાં એક બાળકી જન્મેલી છે, તે જણાયું. તે બાળકી તે મારી માતાનું સ્વરૂપ હતું, તે મારી નજરમાં સ્પષ્ટ આવી ગયું.

પછી સવારમાં ધ્યાનમાં જે જે દેખાયું તે તે નિશાનીઓ જોતો જોતો પેલું ઘર શોધવા લાગ્યો. છેવટે તે ઘર મળી ગયું. તેના ઓટલા પર જઈને બેઠો. અંદર તો કેમ જવાય ? એટલે ભજન ગાવા લાગ્યો. થોડા સમય પછી અંદરથી કોઈ બહેને આવીને મારા આગમનનું પ્રયોજન જાણવા માગ્યું. હિંદીમાં તે બોલી. મેં તેને કહ્યું કે 'રાત્રે મને સ્વપ્ન આવ્યું હતું કે આપના ઘરમાં બાળકીનો જન્મ થયો છે. એ જીવ મારા જીવન સાથે સંકળાયેલો જીવ છે. તેનાં દર્શન કરીને હું ચાલ્યો જઈશ. ભગવાનનો હુકમ છે એટલે આવ્યો છું.'

આમ કહેવાથી તે લોકો દયાથી પ્રેરાઈને મને તેમના ઘરમાં લઈ ગયા અને બાળકીને લાવીને મારા ખોળામાં મૂકી. બાળકીને હું પગે લાગ્યો. મને પ્રતીતિ થઈ ગઈ કે ધ્યાનમાં જેનું દર્શન થયું હતું તે આ જ.

મને ત્યારે બરાબર સમજાઈ ગયું કે શરીરધારી ચેતનનિષ્ઠ આત્મા સાથે જેને ખરેખરો રાગ થઈ ગયો હોય અથવા એ આત્માને કોઈ જીવ પરત્વે પ્રેમભાવ હોય તો તેવો જીવ ફરીથી તુરંત જન્મ પામે.

ભગવાને અત્યંત કૃપા કરીને મને આ પ્રયોગનું દર્શન કરાવ્યું. તેથી મારા જીવનમાં જે ગદ્‌ગદ ભાવ પ્રગટ્યો અને તેથી ભગવાન પર કેટલો વારી ગયો હોઈશ તેની તો કલ્પના કરવાથી સમજી શકાશે એવી એ હકીકત છે.

'શ્રીમોટા સાથે વાર્તાલાપ', છઠ્ઠી આ., પૃ. ૫૭ ❑

## (૨) સલામત સ્થિતિ જીવ કાજે સલામત નથી

શ્રીમોટા

હું તો સાવ પામર છું ને બધી જ મહત્તા તો એ વહાલાની કૃપાની છે. એ કૃપાની ઝંખના-ભક્તિ દિન-પ્રતિદિન આપણા જીવનમાં લીલાંકુરની પેઠે ફૂટી નીકળતી બની શકે, તેવું અનુભવવાનું સદ્‌ભાગ્ય એ વહાલો બધા મળેલા જીવોના સમાગમમાં સંપડાવે એ જ એને પ્રાર્થના છે.

સ્વજનને મેળવીને જો સુખ-અંતરસુખ-ન પામ્યાં તો સ્વજન શા ખપનાં ? જીવનને ચેન, આરામ, નિરાંત કેમ રહી શકે ? એને (જીવને) તો એ ઈચ્છે તોય પડી ન રહેવા દેવું એ આપણો ધર્મ છે. ગમે તે કારણ હોય, એને તો ઊથલાવ્યા જ કરવું ઘટે. **સલામત સ્થિતિમાં પડ્યા રહેવું એ જીવ કાજે સલામત નથી.**

તમને લખવામાં ક્યાંય અવિનય, અવિવેક લાગે તો જરૂર લખજો, પણ તમને લખવામાં એક માત્ર ભાવના એ જ રહ્યા કરે છે કે પ્રભુકૃપાથી મળેલું માનવીજીવન દોહ્યલું છે, એનું રહસ્ય, મહત્ત્વ સામાન્ય માનવી સમજતો નથી હોતો, પણ જેઓનો સમાગમ મળેલો છે તેવાં પણ તેનો મર્મ ન સમજતાં પડ્યા રહે છે ત્યારે એ જેટલું સાલતું હોય છે, એ તો એવું જે ભોગવતું હોય કે અનુભવતું હોય તે જ જાણે. તેથી સર્વ કોઈને, કોઈ ને કોઈ રીતે ઊંચાંનીચાં કરવા આ જીવ એની કૃપાથી કંઈ ને કંઈ એવું કર્યા જ કરતો હોય છે. તેમાં જો ક્યાંક અજુગતું બની જતું લાગે, તો હૃદયની ઉદારતાથી તે ક્ષમ્ય ગણવાની પ્રાર્થના છે, ને એ પાછળ માત્ર આ જીવનો બીજા જીવ પરત્વેનો ઉગ્ર તલસાટ ઊકળ્યા કરે છે, એટલું જોવાનું, વિચારવાનું જો બની શકે, તોય આ જીવનું તે સદ્‌ભાગ્ય માનીશ. બાકી તો જે જે પરિસ્થિતિ જે જે જીવથી મળે કે ઊભી થાય, એનો તે તે ભાવે ઉપયોગ કર્યા કરવાનું જ બને છે, એ વિના બીજો કશો હેતુ નથી, એની સાબિતી તો કઈ રીતે આપી શકાય ? એ તો પ્રત્યેકને એવો એવો અનુભવ થાય ત્યારે જ ખરું. ત્યાં લગી ગેરસમજૂત થવાની શક્યતા હોવા છતાં એને ઘોળી પી જઈને એના જીવનના વહેણમાં રહેવાનું જ આ જીવથી સમજાયું છે. બાકી તો આનંદ છે.

તમારી સદ્‌ભાવના આ જીવ પરત્વે છે, એ મારે મન એક મોટી જવાબદારી છે, જોકે એનો નથી ભાર કે નથી ચિંતા, પરંતુ મારી પરમ લાચારીની વાત કોણ સમજી શકે ? કશી કોઈ પણ બાબતમાં પળનીય પળ ક્યાંય સ્વતંત્રતા નથી. એવો બધી બાબતમાં પૂરેપૂરો જકડાયેલો બિચારો શું કરી શકે ? હા, થઈ પણ શકે-જો શ્રીભગવાનનું જીવતું સ્મરણ કે એના ભાવનું સાતત્ય રોજિંદાં કર્મવ્યવહારમાં કોઈ ને કોઈ રીતે એકધારું જળવાયા કરતું હોય તો.

કોઈ પણ સંત ચમત્કાર કે જાદુગીરીથી કોઈ પણ જીવમાં ભગવાનનો ભાવ એકદમ તત્ક્ષણ પ્રકટાવી શકવાનો નથી. જો કદાચ એવી વાતો સાંભળેલી હોય તો એવી કર્ણપરંપરા દ્વારા સાંભળેલી વાતોમાં પૂરેપૂરું સાચું તથ્ય પણ રહેલું નથી. શ્રીપ્રભુના એવા ભક્તો તો ગોદાટી

ગોદાટીને મહેનત કરાવી કરાવીને જે તે જીવોને શ્રીભગવાનના ભાવમાં રહેવાને કાજે મથાવ્યા જ કરશે.

શ્રીભગવાનની ભાવનામાં જે કોઈ જીવ હૃદયથી પ્રયત્નવાન રહેશે, તેવા જીવને એની કરુણા, દયા, કૃપા-જે કહો તે-મળ્યા જ કરતી અનુભવાશે. મારી તો તમને હૃદયની પ્રાર્થના છે કે કોઈ ને કોઈ રીતે શ્રીભગવાનની ભાવના રોજિંદાં કર્મવ્યવહારમાં જીવતીજાગતી રહ્યા કરે એટલું કરવાનું કર્યા કરો. બીજું બધું સૌ થઈ રહેશે.

જો આશીર્વાદ આપવાની એવી સ્વતંત્ર શક્તિ હોત તો તો કંઈ કહેવાનું થોડું જ રહ્યું હોત ! પ્રભુ તો સર્વનું કલ્યાણ કરનારો છે. **આપણા પોતાના કલ્યાણમાં આપણે જ પોતે આડખીલીરૂપ છીએ તે નક્કી માનજો.** અહીં તો અખંડ નામસ્મરણ ચાલે છે.

'જીવન પ્રવેશ', ત્રી.આ., પૃ. ૧૬૦ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | સદ્‌ગત શ્રી જયંતીભાઈ ડી. પટેલ (મારબલવાળા)ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તેમના જીવનસાથી ઈન્દુબહેન અને પરિવાર તરફથી જ્ઞાનદાન | અમદાવાદ | ૧૧,૧૧૧/- |
| ૨. | કોકીલાબહેન પ્રકાશભાઈ અમીન (હાલ - યુ.એસ.એ.) | અમદાવાદ | ૧૧,૦૦૦/- |
| ૩. | ભાદરણવાળા સંત શ્રી કૃષ્ણાનંદ સાથે કિશોર અવસ્થાથી સંકળાયેલ એવા સદ્‌ગત પિતાશ્રી મનુભાઈ ડી. પટેલનો તા. ૨૮-૨-૧૮ના રોજ અમેરિકા ખાતે દેહાંત થયો, તે નિમિત્તે પુત્ર શ્રી રોનક તરફથી રૂ. ૩૦૦૦ અને પુત્ર સાર્થક તરફથી રૂ. ૩૦૦૦ હસ્તે કોકિલાબહેન મનુભાઈ પટેલ | અમેરિકા | ૬૦૦૦/- |
| ૪. | ગૌરાંગ મર્ચન્ટ ગુરુપૂર્ણિમા નિમિત્તે | અમેરિકા | ૫૦૬૪/- |
| ૫. | ચીમનલાલ બેચરદાસ પટેલ સદ્‌ગત ધર્મપત્ની શાંતાબહેનની ૧૪મી પુણ્યતિથિ નિમિત્તે ભેટ | અમદાવાદ | ૧,૪૦૫/- |
| ૬. | રાજેશ આર. શાહ : ગુરુપૂર્ણિમા નિમિત્તે | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૭. | પ્રશાંત પ્રભુદાસ જાની **'બાળકોના મોટા'** ઑડિયો બુક અંગે ભેટ | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૮. | એક સ્વજન (ઇ. બૅંકિંગથી - નામ/ગામ વિગત મળવી બાકી) | | ૧૦૦૦/- |
| ૯. | શાલ્મી બી. ઠાકોર : ભત્રીજી તજજ્ઞા પ્રશાંત જાની ગ્લોબલ બિઝનેસ મૅનેજમેન્ટના વિષયમાં કેનેડા ખાતે ગ્રેજ્યુએટ થયાં નિમિત્તે | નરોડા | ૫૦૧/- |
| ૧૦. | શાલ્મી બી. ઠાકોર : જન્મદિન (૧૬-૮) નિમિત્તે | નરોડા | ૫૦૧/- |
| ૧૧. | રમેશચંદ્ર એમ. ભટ્ટ : ગુરુપૂર્ણિમા નિમિત્તે | નડિયાદ | ૫૦૦/- |
| ૧૨. | સદ્‌ગત માતૃશ્રી કુસુમબહેન રણજિતલાલ ચપટવાલાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે | સુરત | ૫૦૦/- |
| ૧૩. | ભરતભાઈ મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |
| ૧૪. | મનીષાબહેન નીતિનભાઈ પટેલ | રાંદેર | ૧૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **- સંપાદક**

## (૩) અવતારને ઓળખવો અઘરો

**શ્રીરામકૃષ્ણ પરમહંસ**

ગોપીઓની પ્રેમભક્તિ હતી. પ્રેમભક્તિમાં બે વસ્તુ હોય. અહંતા અને મમતા. હું કૃષ્ણની સેવા ન કરું તો કૃષ્ણની તબિયત બગડે, એવો ભાવ. એનું નામ અહંતા. એ ભાવમાં કૃષ્ણ ઈશ્વર છે, એ જ્ઞાન રહે નહિ.

બીજી છે મમતા. મારું મારું કરવું. ગોપીઓને કૃષ્ણ પ્રત્યે એવી મમતા હતી કે કદાચ શ્રીકૃષ્ણનાં ચરણનાં તળિયાંને કંઈક ઈજા થઈ જાય તો એ બીકથી તેમનાં સૂક્ષ્મ શરીર શ્રીકૃષ્ણનાં ચરણ તળે રહેતાં.

**નર-લીલામાં અવતારને બરાબર મનુષ્યની રીતે જ વર્તવું પડે. એ કારણસર જ અવતારને ઓળખવો અઘરો.** માણસ થયેલ છે તો બરાબર માણસ. માણસની પેઠે જ એને ભૂખ, તરસ, રોગ, શોક, ક્યારેક વળી બીક. બધું બરાબર માણસની જેમ જ ! રામચંદ્ર સીતાના વિયોગથી દુઃખી દુઃખી થઈ ગયેલા.

નાટકમાં જે સાધુનો પાઠ લે તે સાધુના જેવું જ વર્તન કરે. જેણે રાજાપાઠ લીધો હોય તે સાધુની જેમ વર્તે નહિ. જેનો પાઠ લીધો છે, તેના જ વર્તનનો અભિનય બતાવવો જોઈએ.

એક બહુરૂપીએ 'ત્યાગી સાધુ'નો વેશ લીધો. તેનો સ્વાંગ આબેહૂબ જોઈને કાલિ મંદિરના માલિકોએ એને એક રૂપિયો આપવા માંડ્યો. પેલાએ તે લીધો નહિ, 'ઉં હું' કહીને ચાલ્યો ગયો. થોડી વાર પછી હાથ, પગ, મોઢું વગેરે ધોઈને સ્વાંગ ઉતારીને તે સાદા વેશમાં આવ્યો અને બોલ્યો, 'હવે રૂપિયો આપો !' માલિકો કહે કે, 'અરે, હમણાં જ તું રૂપિયો નથી જોઈતો કહીને ઉં હું કરીને ચાલ્યો ગયો અને અત્યારે હવે રૂપિયો માગે છે ?' એટલે એ બોલ્યો કે 'તે વખતે તો ત્યાગી સાધુ બન્યો હતો, એટલે રૂપિયો લેવાય નહિ ! તેમ ઈશ્વર પણ જ્યારે માણસ થઈને આવે ત્યારે બરાબર માણસની પેઠે જ વર્તન કરે.'

ઈશ્વરનું ધ્યાન કરવું હોય તો ઉપાધિ રહિત પરમાત્માનું ધ્યાન કરવું અઘરું છે. ઉપાધિ રહિત એટલે વાણી-મનથી અતીત, પરંતુ એ ધ્યાનમાં સિદ્ધ થવું બહુ જ કઠણ ! **ઈશ્વર જ્યારે મનુષ્ય રૂપે અવતાર લે ત્યારે તેનું ધ્યાન કરવાનું ખૂબ સહેલું થઈ પડે.** માણસની અંદર નારાયણ, દેહ એ આવરણ. જાણે કે ફાનસની અંદર દીવો બળી રહ્યો છે. અથવા કાચની બારીમાંથી અંદરની કીમતી વસ્તુ દેખાઈ રહી છે.

જ્યાં સુધી ઈશ્વરે આ લીલાની અંદર રાખ્યા છે, ત્યાં સુધી દ્વૈત (બેપણાનું) ભાન થાય જ. શક્તિ કહો એટલે બ્રહ્મ છે જ. જેમ રાતનું ભાન છે એટલે એ સાથે જ દિવસનું ભાન છે.

ગુરુ બધું જ કરે, પણ તોય છેલ્લે શિષ્ય પાસે જરા સાધના કરાવી લે. મોટું ઝાડ કાપતી વખતે લગભગ આખુંય થડ કપાઈ રહે એટલે કાપવાવાળા જરા આઘા ખસીને ઊભા રહે. ત્યાર પછી કડેડાટ કરતું એની મેળે ભાંગી પડે. ઈંડાની અંદર બચ્ચું બરાબર તૈયાર ન થાય ત્યાં સુધી માદા તેને ચાંચ મારે નહિ. યોગ્ય સમય થતાં વેંત માદા ઈંડું ફોડે.

અહંકાર, ઉપાધિ એ બધાંનો ત્યાગ થતાં જ ઈશ્વર દર્શન થાય. 'હું વિદ્વાન', 'હું અમુકનો દીકરો', 'હું પૈસાવાળો', 'હું પ્રતિષ્ઠિત' એ બધી ઉપાધિનો ત્યાગ થયા પછી જ ઈશ્વરનાં દર્શન થાય.

**(અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)**

## (૪) 'હું શા માટે હિંદુ થઈ ?' : સિસ્ટર નિવેદિતા

અનુ. ગુલાબભાઈ જાની

*(સિસ્ટર નિવેદિતા મૂળ ઈંગ્લૅંડના નાગરિક. એ વિવેકાનંદના સંપર્કમાં આવ્યાં. વિવેકાનંદના વાણી, વિચાર અને હિંદુ ધર્મના તત્ત્વજ્ઞાનથી પ્રભાવિત થયાં. ભારત આવ્યાં. હિંદુ ધર્મ અંગીકાર કર્યો. વિવેકાનંદ સાથે ભારતમાં પરિભ્રમણ કર્યો, શાંતિનિકેતનમાં રહ્યાં. કેળવણી અને સ્ત્રીઓના પ્રશ્નોના ક્ષેત્રે એમણે ભારતમાં ઘણું કામ કર્યું.)*

હું ઈંગ્લૅંડમાં જન્મેલી અને ઉછેર પામેલી એક સ્ત્રી છું અને અઢાર વર્ષની ઉંમર સુધી બીજી અંગ્રેજી છોકરીઓની માફક જ શિક્ષણ અને તાલીમ પામી હતી. અલબત્ત, જીવનનાં પ્રારંભિક વર્ષોમાં ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ મારા મનમાં ઠસાવવામાં આવેલ. આમ છતાં બચપણથી જ બધા ધર્મોના ઉપદેશ પ્રત્યે હું પૂજ્યભાવ ધરાવતી હતી. હું સમર્પિતભાવથી શિશુ જિસસની પ્રાર્થના કરતી અને તેના બલિદાન માટે હૃદયપૂર્વક પ્રેમ કરતી, તે સ્વેચ્છાએ મારા મનમાં ઊતરતા ગયા. મને લાગતું કે તેઓ વધસ્તંભ પર ચડી ગયા અને માનવજાતને વિનાશમાંથી બચાવવા પોતાની જાતની આહુતિ આપી તેના બદલામાં હું તેની યોગ્ય ઉપાસના કરી શકતી નથી, પરંતુ અઢાર વર્ષની ઉંમર બાદ ખ્રિસ્તી ધર્મના ઉપદેશ એ સત્યો પ્રત્યે મારા મનમાં શંકાઓ ઘર કરવા લાગી. તેમાંનાં ઘણાં મને ખોટા અને સત્યથી વિપરીત દિશામાં લાગવાનો પ્રારંભ થયો. મારી શંકાઓ પ્રબળ થતી ગઈ અને તે જ સમયે ખ્રિસ્તી ધર્મ પ્રત્યેની મારી આસ્થા વધુ ને વધુ હચમચવા લાગી. સાત વર્ષ સુધી હું માનસિક દ્વિધા અનુભવતી રહી, ખૂબ જ અસ્વસ્થ અને છતાં સત્ય શોધવા માટે ખૂબ જ આતુર. હું ચર્ચમાં જવાનું ટાળતી. આમ છતાં હમણાં સુધી હું જે કરતી રહી હતી અને મારી આસપાસના લોકો જે કરતા હતા તેમ ક્યારેક ઉત્કંઠાને શાંત પાડવા અને આંતરિક શાંતિ મેળવવા ત્યાં ધસી જતી અને સેવામાં જોડાઈ જતી, પણ અફસોસ કે પૂર્ણ સત્યની શોધ માટે વલવલતા મારા આત્માને ત્યાં શાંતિ કે શાતા પ્રાપ્ત ન થઈ.

સાત વર્ષની મારી આ દ્વિધાભરી અવસ્થા દરમિયાન મને એવું લાગ્યું કે જે સત્યની શોધ હું કરી રહી છું તે હું પ્રકૃતિશિક્ષણના મારા અભ્યાસમાંથી શોધી શકીશ. તેથી, આ જગત અને તેમાંની વસ્તુઓનું સર્જન કઈ રીતે થયું હશે તેનો અભ્યાસ કરવાનું મેં ઉત્સાહપૂર્વક શરૂ કર્યું. મેં શોધી કાઢ્યું કે કમસે કમ કુદરતના નિયમોમાં તો સુમેળ પ્રવર્તે છે, પરંતુ ખ્રિસ્તી ધર્મના ઉપદેશ પ્રમાણે તો બધી બાબતમાં ખૂબ જ વિરોધાભાસ પ્રવર્તે છે. ત્યાર બાદ થોડા સમયમાં જ મને બુદ્ધ વિશે જાણવા મળ્યું અને મેં શોધી કાઢ્યું કે ઈસુના જન્મની ઘણી સદીઓ પહેલાં એક એવો બાળક વિચરતો હતો જેનો ત્યાગ અન્ય મહાપુરુષો કરતાં સહેજ પણ ઊતરતો ન હતો. પછીનાં ત્રણ વર્ષો દરમિયાન આ વહાલસોયા બાળક ગૌતમે મને અત્યંત પ્રભાવિત કરી. મેં મારી જાતને બૌદ્ધ ધર્મના અભ્યાસમાં સંપૂર્ણ ડુબાડી દીધી. મને વધુ ને

વધુ વિશ્વાસ થતો ગયો કે તેમણે પ્રબોધેલો મુક્તિનો ઉપદેશ ખ્રિસ્તી ધર્મના ઉપદેશ કરતાં સત્ય સાથે વધારે સુસંગત હતો.

ત્યાર બાદ મારી શ્રદ્ધામાં પરિવર્તન આવ્યું. મહાન વાઈસરૉય લૉર્ડ રિપનના પિત્રાઈએ મને તેમની સાથે ચા માટે નિમંત્રિત કરી અને ભારતથી પધારેલા એક મહાન સ્વામીને મળવાનું કહ્યું કે જેઓ તેના જણાવવા મુજબ કદાચ મારો આત્મા જેની ઇચ્છા રાખતો હતો તેની શોધમાં સહાય કરી શકે. આ સ્વામી કે જેને હું મળી તે બીજા કોઈ નહિ પરંતુ વિવેકાનંદ હતા કે જેમને મેં મારા ગુરુસ્થાને સ્થાપિત કર્યા અને જેમના શિક્ષાબોધે મારી શંકાઓનું હું જે રીતે ઇચ્છતી હતી તે રીતે સમાધાન કર્યું. આમ છતાં શંકાનાં આ વાદળો કંઈ એક કે બે મુલાકાત દ્વારા જ વીખેરાયાં ન હતાં ! મારે તેમની સાથે કેટલીક સૌમ્ય ચર્ચાઓ થયેલી અને એક વર્ષ કરતાં પણ વધારે સમય સુધી તેમના શિક્ષાબોધ પર મેં ગહન ચિંતન કર્યું ત્યાર બાદ તેમણે મને યોગી પુરુષોનાં દર્શન કરવા અને તેમણે પ્રબોધેલા આધ્યાત્મિક વિચારોની જન્મદાત્રી ભારતભૂમિની મુલાકાત લેવા જણાવ્યું. અંતે મેં મારાં જૂનાં મનોવલણો અને વિશ્વાસમાંથી મુક્તિ મેળવી અને તેને મેં મારા આનંદની અવસ્થામાં ઓગળી જતાં નિહાળ્યાં. મેં તેમને જણાવ્યું કે કેમ અને કેવી રીતે મેં તમારા ધર્મનો અંગીકાર કર્યો અને જો તમને હજી વિશેષ સાંભળવામાં રસ હોય તો હું ખુશીથી આગળ સંભળાવીશ.

શા માટે ભારત જગતના સર્વધર્મોમાં ઉચ્ચતમ અને ઉત્તમ ધર્મનું જન્મસ્થાન છે ? કારણ કે ઉન્નત મસ્તક કરીને ઊભેલાં શિખરોવાળો ભવ્યતમ હિમાલય પર્વત જ્યાં આવેલો છે એવો આ દેશ છે. આ એવો દેશ છે કે જ્યાં મકાનો સાદાં છે, જ્યાં કુટુંબજીવનમાં મહત્તમ સુખ જોવા મળે છે, જ્યાં સ્ત્રીઓ નિઃસ્વાર્થપણે, પ્રસિદ્ધિ વગર, બદલાની ભાવના વગર પોતાના વહાલસોયા પરિવારજનોની વહેલી સવારથી ઝાકળભીની સાંજ સુધી સેવા કરે છે, જ્યાં માતા અને દાદીમા પોતાની સગવડ અગવડનો વિચાર કર્યા વગર આદર અને સદ્ભાવથી પોતાનાં બાળકોની જરૂરિયાતોને જાણી લઈ તે પૂરી પાડે છે, અને **સ્ત્રીઓનો આ ત્યાગ તેમને સામાન્ય સ્ત્રીત્વથી ઘણાં ઉચ્ચ સ્થાને પ્રસ્થાપિત કરે છે.**

મારી બહેનો, તમને દરેકને આ પ્રેમાળ દેશની પુત્રીઓ હોવાને નાતે હું સ્નેહપૂર્વક ચાહું છું. હું તમને પશ્ચિમના સાહિત્યનો અભ્યાસ કરતાં પહેલાં પૂર્વના ભવ્ય સાહિત્યનો અભ્યાસ કરવા વીનવું છું. તમારું સાહિત્ય તમને ઊર્ધ્વગામી કરશે. તેને દઢતાથી વળગી રહો. તમારા ગૃહસ્થ જીવનની ધીરતા અને સાદગીને વળગી રહો. પુરાતન સમયમાં હતી અને આજે પણ છે તેવી તમારા સાદા ઘરની નિર્મળતાને જાળવી રાખજો. પશ્ચિમની આધુનિક રીતભાત અને ઉડાઉ ખર્ચવાળી જીવનપ્રણાલી અને આધુનિક અંગ્રેજી કેળવણીને તમારી આદરપાત્ર વિનમ્ર જીવનપ્રણાલીમાં પ્રવેશવા ન દેશો, પ્રેમાળ વિચારોથી નિર્માણ

**(અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)**

## (૫) મન, વાણી અને કર્મથી જીવનયજ્ઞ થાય છે

**શ્રી રવિશંકર મહારાજ**

*(પૂજ્ય શ્રીમોટાએ કેટલાંક સ્વજનોને 'કર્મ' અંગે કાવ્યના સ્વરૂપમાં જે પત્રો લખેલા તેમાંથી કેટલીક રચનાઓ પુસ્તક સ્વરૂપે 'કર્મગાથા' નામે સને ૧૯૪૬માં પ્રકાશિત થયેલ. એ પુસ્તકની પ્રસ્તાવના શ્રી રવિશંકર મહારાજે લખી હતી. તેમાંથી થોડુંક આચમન તરીકે આ સંપાદિત લેખ છે - સં.)*

આ પુસ્તક (કર્મગાથા)ના લેખકને (શ્રીમોટાને) હું ઘણાં વર્ષોથી ઓળખું છું. પોતાની સાધનાના અંગ તરીકે તેઓ કાવ્યો રચતા. પોતાના જ આત્માના વિકાસ માટે લખવાથી એમાં આપોઆપ હૃદયના સાચા ઉદ્‌ગાર પ્રગટ થતાં. **'મનને'** અને **'હૃદયપોકાર'** આ રીતે લખાયાં હતાં. ભગવાનની સ્તુતિ કરી હૃદયને શુદ્ધ કરવા ખાતર તથા એના પ્રત્યેની પ્રેમ ભક્તિને વહેવા દેવા ખાતર **'તુજચરણે'** લખાયું હતું.

**'કર્મગાથા'**માં જે કાવ્યો લખાયાં છે, તે તો જાતે આગળ વધ્યા પછી દર્દીને જેમ વૈદ્ય દવા આપે તેમ મિત્રવર્ગને એમની તે તે વખતની સ્થિતિ જોઈને તેમના પ્રત્યેના પ્રેમથી સૂઝેલાં છે. આ પુસ્તકમાંનાં એકેએક કાવ્યો પૂરાં સાંભળી ગયો છું. ભક્ત હૃદયના ઉદ્‌ગાર અને ભક્તિમાંથી નીપજતા જ્ઞાનનો પ્રકાશ પણ આમાં દેખાશે.

આ કાવ્યો 'કર્મ' ઉપર છે. **મન, વાણી અને શરીરથી થયેલાં બધાં કર્મોથી એક જીવનયજ્ઞ થાય છે.** એટલે તે યજ્ઞ શુદ્ધ રીતે કેમ થાય તેની સમજણ આ પુસ્તકનાં કાવ્યોમાં આપવામાં આવી છે. કોઈ પણ કર્મ, નાનું કે મોટું, સમગ્ર જીવનને સ્પર્શતું હોય છે. તેથી, આમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ કે આધ્યાત્મિક અને સાંસારિક એવા બે જુદા વિભાગની દૃષ્ટિએ કર્મ તરફ જોવામાં આવ્યું નથી, પણ માનવી જીવનનો હેતુ શો છે, તે કેવાં અને કેવી રીતે કરેલાં કર્મોથી સધાય, કર્મ કેટકેટલી રીતે જગતને અને જીવાત્માને લાભ કરનારાં છે, તે આ રચનાઓમાં બતાવ્યું છે.

કર્મ કર્યા વગર કે થયા વગર રહેવાનાં નથી. યોગ્ય રીતે થયેલાં કર્મોથી સંસાર સચવાય છે, સાધના થાય છે અને છેવટે જીવનતત્ત્વને પણ એથી પમાય છે. તો એ માટે શું કરવું જોઈએ ? મિત્ર-મિત્રે, પતિ-પત્નીએ એક કુટુંબમાં રહેનારે અન્ય સ્વજનો પ્રત્યે તથા સમાજ પ્રત્યે કેમ વર્તવું વગેરે જીવનને ઊંચે લાવે એવી સામગ્રી આ **'કર્મગાથા'**માં આપવામાં આવેલી છે. દરેક કર્મ કરતી વખતે તેની પાછળનો હેતુ શો છે, તે હેતુનો સતત ખ્યાલ રહે છે કે નહિ, તે જ મુખ્ય છે.

જગતમાં અકસ્માતથી બનેલા દેખાતા પ્રસંગોમાં પણ જેની ધારણા જીવતી રહ્યા કરતી હશે અને તે કારણે જેની બુદ્ધિ સૂક્ષ્મ થઈ હશે, તેને તો ખાતરી થશે કે પ્રસંગો અમસ્તા નથી. ભક્તિ વગર અને આચરણ વગર બુદ્ધિ શુદ્ધ થતી નથી અને શુદ્ધ બુદ્ધિ વગરનું જ્ઞાન એ સાચું જ્ઞાન નથી.

યોગ્ય રીતે કામ કરનારને કામ કલ્પવૃક્ષ સમું છે. જાતે જ ગુરુ બનીને, પ્રભુ બનીને, બધું જ્ઞાન આપે છે. કર્મયોગમાં ચારેબાજુની કેટલી સાવચેતી રાખવાની છે તેનું દિશાસૂચન પણ કરાયેલું છે. સ્વજન સાથે જેટલો સંબંધ વધારે ઉત્કટ, તેટલો આસક્તિથી અયોગ્ય કર્મને યોગ્ય ગણી લેવાનો ભય વધારે. કોઈનું અયોગ્ય કે અણગમતું વર્તન જોવાતાં મનમાં ગાંઠ વાળી નથી બેસવાનું કે એ તો આવો જ છે અને આવો જ રહેશે. **માનવી માત્ર વિકાસશીલ છે,** એમ મનમાં દૃઢ ખ્યાલ રાખીને એના તરફ વિશેષ પ્રેમ રાખવાનો છે.

સેવાક્ષેત્રમાં કામ કરનારા સંસ્કારી જીવાત્માઓએ પણ ધ્યાનમાં રાખવાનું છે કે કાર્યનું ક્ષેત્ર સાત્ત્વિક હોય, તોપણ અમુક સંજોગોમાં તો તે પણ બંધનકારક બને છે.

લેખકમાં (શ્રીમોટામાં) કર્મયોગ અને સાંખ્ય એટલે જ્ઞાન બન્ને હોઈ એ જ્ઞાન પણ ભક્તિને લીધે પવિત્ર થયેલું છે. આ **'કર્મગાથા'**નાં કાવ્યોની ભાષા તદ્દન સાદી છે અને જીવનને માર્ગદર્શક થાય એવી છે. અભણ ગણાય એવી બહેનોને અને ઊંચી કેળવણી પામેલા સુશિક્ષિતોને પણ આ કાવ્યો ઝટ સમજાય એવાં છે. એ મને એક બીજું ખાસ ગમતું લક્ષણ લાગ્યું છે.

'કર્મગાથા', પ્ર.આ., પ્રસ્તાવનામાંથી સાભાર ❑

॥ હરિઃૐ ॥

(અનુષ્ટુપ)

**'પોતાનાં કર્મથી દુઃખી કેટલાં કરતાં હશું !'**
**ભાન એવું તને શું તે ઉર તારે ન જાગતું ?**
**'કરે દુઃખી તને બીજા' માન્યા એવું તું કરે !**

'કર્મગાથા', બીજી આ., પૃ. ૧૭ **-શ્રીમોટા**

**(અનુસંધાન પેજ નં. ૭ નું ચાલુ)**

ગમે તેટલા ભણોગણો, પણ ઈશ્વરમાં ભક્તિ ન હોય, તો એ બધું નકામું. એકલી વિદ્વત્તા હોય, અંદર વિવેક, વૈરાગ્ય ન હોય તો તેની નજર કામ કાંચનમાં રહે. ગીધ આકાશમાં ખૂબ ઊંચે ઊડે, પરંતુ તેની નજર ઉકરડા તરફ. જે વિદ્યાથી ઈશ્વરને જાણી શકાય, એ જ ખરી વિદ્યા, બીજું બધું મિથ્યા !

ઈશ્વર છે એ તો જગત જોતાં સમજી શકાય, પરંતુ ઈશ્વર સંબંધે સાંભળવું અને જાણવું એ વસ્તુ અને ઈશ્વરને પ્રત્યક્ષ જોવો એ જુદી વસ્તુ, પણ તેની સાથે વાતચીત કરીને સંબંધ બાંધવો એ વળી સાવ અલગ જ વસ્તુ !

'શ્રીરામકૃષ્ણ કથામૃત', પ્ર.આ., પૃ. ૪૧૫ ❑

---

**(અનુસંધાન પેજ નં. ૯ નું ચાલુ)**

પામેલી તમારી પ્રેમાળ કૌટુંબિક વિચારધારા કે જેનું પ્રતિબિંબ કરે છે. જેના પ્રતિભાવમાં યુવાનો પણ પોતાના વડીલો પ્રત્યે તે જ પ્રમાણમાં આદરભાવ દર્શાવે છે. આ નિવેદન હું માત્ર મારી હિંદુ બહેનોને જ નથી કરતી, પરંતુ મારી મુસ્લિમ અને અન્ય ધર્મની બહેનોને પણ કરું છું. જે દેશનો મેં અંગીકાર કર્યો છે અને જ્યાં રહીને મારા આદરણીય ગુરુ વિવેકાનંદના કાર્યને ચાલુ રાખવાની હું આશા રાખું છું, તેવા દેશની પુત્રીઓ હોવાને નાતે તમે બધી મારી બહેનો છો.

'વિશ્વનાં યાદગાર પ્રવચનો', પ્ર.આ., પૃ. ૨૨૨
પ્રકાશક : ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ
સંપાદકો : સુરેશ દલાલ, મહેશ દવે ❑

### (૧)

*(શ્રીસદ્‌ગુરુના આદેશ અનુસાર પોતાના મળ-મૂત્ર ઉપર ૨૮ દિવસની જે સાધના થયેલી તેનો ઉલ્લેખ છે.)*

પૂરા વીસ દિન ને આઠ સુધી પેશાબ, નરક પર તેં
-રખાવીને કરાવ્યો છે, પ્રયોગ અવનવો જીવને.

મડાગાંઠો ઘૃણાદિની સમૂળી તે હઠેલી છે,
વધુ ખોરાક કરતાંયે ટકેલાં સ્ફૂર્તિ, બળ ત્યારે.

કદી માન્યામહીં ના'વે હકીકત એવી આ મુજ છે,
છતાં સોએ ટકા સાચી હકીકત મુજ જીવનની તે.

શ્રીસદ્‌ગુરુનો હુકમ એવો મળંતાં, પાર ઉતારી તે,
સફળતા તે વિશે પામ્યો, કૃપા શ્રીસદ્‌ગુરુની તે.

### (૨)

પ્રભુની મહેરબાની કે મને **એણે** જિવાડ્યો છે,
હતું આવેલું પ્રત્યક્ષ શરીર મૃત્યુથી બચાયું છે.

'સ્મરણ લેવા ઉગાર્યો છે, જીવંતું ભાન હૃદયે તે,'
મને **એણે** સ્ફુરાવીને ખરે રસ્તે ચઢાવ્યો છે.

**હરિ**નો કેટલો કેવો ! મહદ ઉપકાર મુજ પર તે
-સદા દિલ જીવતો ધારી સ્મરણ લેવા ન ચૂક્યો કૈં.

કૃપા વિના હરિ તારી થયું હત ના જ મુજથી તે
હું વારંવાર દિલ તેથી જઉં શું વારી વારી જે !

### (૩)

ખરેખર જીભ ઇંદ્રિયના બધા તે સ્વાદ જુદા છે,
છતાં તેનાય કરતાં તો જીવનનો સ્વાદ ન્યારો છે.

જીવનના સ્વાદની આગળ બીજા સ્વાદો ઊતરતા છે,
કશી સરખામણી તેની કદી નવ થઈ શકાયે છે.

જીવનના સ્વાદની કિંમત અનુભવી માત્ર જાણે છે,
બીજાને ના ગતાગમ તે અનેરા સ્વાદની કંઈ તે.

જીવનનો સ્વાદ અંતરમાં મળેલો ચાખવા જેને,
બધાંમાં સ્વાદ તેનો શો અનુભવથી પિછાણે છે.

### (૪)

ખરેખર દુઃખનાં મૂળ તો વસેલાં મન વિશે તે છે,
છતાં શાં માનવી સઘળાં બીજે જે બહાર શોધે છે !

બધું જે તેનું મૂળ અંતર વિશે કેવું રહેલું છે !
સકળ બ્રહ્માંડનું મૂળ જે **હરિ**માં જયમ રહેલું છે.

અમે તો માત્ર વાણોતર અમે **હરિ**-પદના જીવનમાં,
**હરિ**ના ભાવનો ધંધો હવાં ઉપાડી લીધો છે.

અમે **હરિ**ના, **હરિ** અમ છે, છતાં અમ એકલાનો તે
-**હરિ** કેમ કર્યો ના છે, બધાંનોયે **હરિ** તો છે.

'જીવન તપ', પ્ર. આ.,માંથી સાભાર ❑

## (૭) હિમાલયમાં દિવ્યાનંદ : ૯ (સંપૂર્ણ)

**શ્રીદાસાનુદાસ**

*(ગતાંકથી આગળ)*

**જગત**

માનવમાત્ર પોતપોતાની પ્રકૃતિ અનુસાર ભાવનાઓ પ્રગટાવી પ્રગટાવીને પોતાનું જગત રચે છે અને તેમાં રાચે છે. રાચતાં રાચતાં એક દિવસ તે એવો થાકે છે કે એ બધું રચેલું અને રાચેલું એને નકામું અને આત્માના આનંદથી દૂર રાખનારું લાગે છે.

આવી રીતે માનવમાત્ર પોતાનું જગત રચે, રાચે અને થાકે એટલું પાછું નવું શ્રેષ્ઠ જગત રચે. પાછો તેમાં રાચે અને થાકે. એમ કરતાં કરતાં એ આત્માના આનંદ તરફ ગતિમાન બને.

**પરંતુ હૃદયમાં પ્રેમનો ઉદય થયા વિના એવું શ્રેષ્ઠ જગત રચાતું નથી.** જ્યાં સુધી આપણા હૃદયમાંથી રાગદ્વેષ ટળે નહિ ત્યાં સુધી પ્રેમનો ઉદય થતો નથી. માટે જગતના પ્રાણી પદાર્થોમાંથી રાગદ્વેષ ટાળવા માટે સતત જાગૃત રહેવું.

ઓછી જરૂરિયાતોથી જીવવાની ટેવ પાડવાથી તેમ જ મૌન, એકાંત અને ઉપવાસનો આશરો લઈને ધ્યાનયોગમાં સ્થિર થવાથી આપોઆપ જીવનમાંથી રાગદ્વેષ ઓછા થાય છે.

**પત્નીત્વ અને માતૃત્વ**

બાળકને જન્મ આપવાથી મા બનાતું નથી, પણ આખા જગતને બાળકવત્ સમજવાથી સાચી મા બનાય છે. 'મા' એટલે વિશાળતા. હૃદયમાં અને દૃષ્ટિમાં એટલી બધી વિશાળતા પ્રગટવી જોઈએ કે જગતના બધા જ જીવો ઉપર ક્ષમા અને કરુણાના ભાવ સતત વરસતા રહેવા જોઈએ. આ માટે આપણા જીવનની પ્રત્યેક પળે સમજણ સહિતની સહનશક્તિ આપણામાં હાજર રહેવી જોઈએ.

નરસિંહ મહેતા, મીરાંબાઈ અને અન્ય ઘણા જ મહાપુરુષો આ લોકમાં અને સમાજમાં રહીને પૂર્ણ આનંદને પામી શક્યાં છે. આ મૃત્યુલોક છે ખરો, પણ તે તો ફક્ત મૃત્યુથી ભય પામનારા માટે જ મૃત્યુલોક કહેવાય છે. જેમ પૃથ્વીતત્ત્વમાં બીજાં ચાર તત્ત્વો (જળ-તેજ-વાયુ અને આકાશ) રહેલાં છે, તેમ મૃત્યુલોક અને બ્રહ્મલોક રહેલાં છે. **દૃષ્ટિ ફરતાં જ સૃષ્ટિ ફરશે.** માટે દૃષ્ટિને મૃત્યુ, પ્રાણી, પદાર્થોમાંથી ફેરવીને તે પ્રાણી પદાર્થોમાં રહેલા અમૃતતત્ત્વ તરફ દૃષ્ટિ સ્થિર કરો. મતલબ કે આત્મા સર્વત્ર છે. દરેક પ્રાણી પદાર્થના નામ, રૂપ અને ગુણ જોવા છોડી દઈને તે તે પ્રાણી પદાર્થોના ઊંડાણમાં રહેલા આત્મતત્ત્વને જોવાની ટેવ પાડો અને તેને માટે સૌ પ્રથમ પોતે પોતામાં રહેલા આત્મતત્ત્વનો અનુભવ કરવો પડશે.

દરેક વ્યક્તિએ પોતે પોતાની અવસ્થાને સાનુકૂળ બની રહી યોગ્યતા મેળવવી જોઈએ. બાલ્યાવસ્થામાં માતાપિતાની આજ્ઞાને આધીન રહેવું, ભણવામાં તત્પર રહેવું, ત્યાર બાદ યુવાવસ્થામાં સ્ત્રીઓ માટે ખાસ કરીને વ્યવસ્થા અને સહનશક્તિ જીવનમાં ભારોભાર પ્રગટવી જોઈએ.

યોગ્ય પતિની પ્રાપ્તિ માટે યોગ્ય પત્ની બનવું જોઈએ. દરેક સ્ત્રીમાં સંપૂર્ણ પત્નીત્વ અને માતૃત્વ હોવાં જોઈએ. પુસ્તકોમાં લખેલો ધર્મ જીવનમાં ઊતરે તો જ તેને ધર્મ કહી શકાય. સ્ત્રીઓમાં જો પત્નીત્વ અને માતૃત્વ પૂર્ણપણે પ્રગટેલું હોય તો તેનું જીવન ધર્મયુક્ત બની રહેશે અને અનંત આનંદની અધિકારી થઈ શકશે.

પત્ની એટલે કેવળ પતિની ગુલામી વહોરી લેનાર સ્ત્રી નહિ, પરંતુ પોતે પતિની સહાયક બનીને બન્નેનું જીવન આત્મીયતાથી જોડાવા માટેનું એક શ્રેષ્ઠ સાધન. પોતાના અંતરમાં માતૃત્વ પ્રગટાવી પતિની સંભાળ રાખવી, પતિની સેવા કરવી અને મિત્રતા પ્રગટાવીને દરેક પ્રસંગને યોગ્ય સલાહ અને હિંમત આપવી.

બહારની મૃત્યુલોકની ધમાલમાંથી કંટાળીને આવનાર પતિને, ઘરમાં પેસતાં જ જો દેવલોકની દિવ્યતાનો આનંદ પ્રાપ્ત થાય તો જ આપણે યોગ્ય પત્ની છીએ એમ દાવો રાખી શકીએ.

જોકે પુરુષે પણ યોગ્ય પતિ બનવું જ જોઈએ. ઘરની અને વ્યવહારની યોગ્યતા માટે સ્ત્રીઓએ પહેલ કરવી વધુ શ્રેષ્ઠ છે. એ જ રીતે માતા એટલે સો શિક્ષકોની ગરજ સારનારી સદ્ગુણી સન્નારી. માતા તો બાળકોનું સંસ્કાર કલ્યાણ કેંદ્ર છે. **જીવનમાં સંસ્કાર સિવાય કલ્યાણ અને આનંદને સ્થાન જ નથી.**

### મનબુદ્ધિની સ્થિરતા

મન અને બુદ્ધિ એ આપણા જીવનરથનાં બે પૈડાં છે અને આપણી દૃષ્ટિએ આપણા જીવનરથનો સારથિ છે, મન અને બુદ્ધિની સ્થિરતાની જેટલી અગત્ય છે તેટલી જ અગત્ય દૃષ્ટિની સ્થિરતા માટેની છે. વિશ્વમાં વ્યાપેલી દૃષ્ટિ પાછી વળીને પોતાના સ્થાને સ્થિર થતાં જ ચંચળ બનેલાં મન બુદ્ધિ પણ આપોઆપ પોતાના સ્થાને સ્થિર થાય છે, કારણ કે **મનબુદ્ધિ કરતાં દૃષ્ટિમાં તાકાત વધારે છે.**

દૃષ્ટિમાંથી વહન થઈ જતી શક્તિને રોકવા માટે અને દૃષ્ટિને સ્થિર કરવા માટે શ્રેષ્ઠ સાધન ત્રાટક છે. ત્રાટક એ યોગની ભૂમિકા છે. ત્રાટક બે જાતનાં છે. (૧) બહિર્ ત્રાટક ખુલ્લી આંખે થઈ શકે છે અને અંતર ત્રાટક બંધ આંખે થઈ શકે છે. સાધકે બન્ને ત્રાટક સિદ્ધ કરવાં પડે, પણ છેવટે અંતર ત્રાટકને વળગી રહેવું પડે, કારણ કે તેથી દૃષ્ટિમાં અમી ઊભરાય છે. જ્યારે બહિર્ ત્રાટકથી દૃષ્ટિમાં તેજ ઊભરાય છે.

આપણામાં રહેલું તેજ તત્ત્વ પાવરફૂલ બનીને દૃષ્ટિ દ્વારા વહન થાય છે ત્યારે ભલે અધિકારી જીવ તે ઝીલી શકે, પણ સામાન્ય જીવો તો ન જ ઝીલી શકે. જ્યારે આપણામાં અમી પાવરફૂલ બનીને દૃષ્ટિ દ્વારા વહન થાય તો તેને જગતના બધા જ જીવો સહેલાઈથી ઝીલી શકે અને અમૂલ્ય શાંતિને પામી શકે. માટે અંતર ત્રાટક શ્રેષ્ઠ છે.

દરરોજ બેસવા માટે એક શાંત જગ્યા નક્કી કરવી અને તેના ઉપર સ્થિર આસને મેરુદંડ ટટાર રહે તેવી રીતે બેસવું. દીવો અથવા અગરબત્તી અથવા ગોળ કાળું ટપકું રાખીને તેની સામે ખુલ્લી આંખે જોઈ રહેવું.

**(અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)**

# (૮) પૂજ્યશ્રી દેવશંકરબાપા (૩)

શ્રી રસિકભાઈ ઈ. મહેતા

*(ગતાંકથી આગળ)*

એક દિવસ દેવશંકરને કાંઈક અમંગળના એંધાણ સતાવી રહ્યા હતા. કાશીમાં ભદ્રામૈયા ખાટલે પડી પોતાને બોલાવી રહ્યા હોય તેમ જણાતાં, પોતે કાશીએ જવા તૈયારી કરવા લાગ્યા. માતા મહાલક્ષ્મીને કહ્યું કે આજે મને રોકીશ નહિ. દેવશંકર કાશી પહોંચી એક મિત્રને ત્યાં ગયા ત્યારે ખબર પડી કે ગંગાઘાટે સ્નાન કરવા જતાં ભદ્રામૈયાનો પગ લપસી પડ્યો અને પગનાં હાડકાં ભાગી ગયાં છે. હાડવૈદ્યે પાટાપિંડી કરી છે પણ લાંબી પથારી આવી પડી છે.

દેવશંકર દુઃખી હૃદયે ગુરુદ્વારે પહોંચી ગયા અને ભદ્રામૈયા જ્યાં સૂતાં હતાં ત્યાં ખાટલા પાસે બેસી, ભદ્રામૈયાને કહેવા લાગ્યા કે હવે તમારો દેવું આવી ગયો છે. તમે કોઈ જાતની ચિંતા કરશો નહિ. દેવશંકરે ત્યાં જ શેતરંજી બિછાવી દીધી. ગૃહસ્થની ઘણી જવાબદારીઓ તેમણે ઉપાડી લીધી. રસોઈ માટે એક બહેન આવતી. તે સિવાયની તમામ કામગીરીની જવાબદારી દેવશંકરે ઉપાડી લીધી.

ગુરુ વસુપ્રદજીએ મધરાતે દેવશંકરને અગાસીમાં બોલાવી કહ્યું કે હવે હું જ તને આ અભ્યાસ કરાવીશ. તને જ્યોતિષશાસ્ત્ર પણ હું શીખવીશ. ઘરે જ અભ્યાસ કરવાનો હોઈ દિવસના ત્રણ ભાગ થયા, પ્રાતઃકાળ, મધ્યાહ્ન અને સાયં/રાત્રિ. સવારે નવ વાગ્યે ગણિત વિષય લેવાતો. મધ્યાહ્ન બેઠકમાં ફળાદેશનું જ્ઞાન અપાતું. દેવશંકર ગુરુદેવના શબ્દો, અર્થો અને ભાવની સૂક્ષ્મતાને ગ્રહણ કરી લેતા. માણસના મુખારવિંદ અને શરીર રચનામાં રહેલી કુંડળીનું જ્ઞાન દેવશંકરે પ્રાપ્ત કરી લીધું હતું. જ્યોતિષનું શિક્ષણ ત્રણ વર્ષ સુધી ચાલ્યું. ગુરુદેવ વસુપ્રદજીએ ધ્યાન, ધારણા, સમાધિ અને ઈશ્વર-પ્રણિધાનનું શિક્ષણ પણ દેવશંકરને આપ્યું.

એક દિવસ ગુરુદેવ ગંગાસ્નાને ગયા હતા. દેવશંકરનો ભદ્રામૈયાનો દર્શના-વંદનાનો નિયમ હતો, પણ ખાટલે પહોંચતાં તેમણે જોયું કે માતાજીની આંખો સ્થિર-અપલક હતી. દેવશંકર વિહ્વળ બની ગયા. વસુપ્રદજી તટસ્થ-સ્વસ્થ હતા. તેમણે બધી વિધિ શાસ્ત્રોક્ત રીતે કરાવી. હવે આ ઘર ભદ્રામાતા વિના દેવશંકરને ખાવા દોડતું હોય તેમ લાગતું. અભ્યાસ તો પૂરો થયો હતો. દેવશંકરે વિચાર્યું, 'હવે મારે કાશી છોડવું જોઈએ.'

એક દિવસે દેવશંકરે ગુરુ વસુપ્રદજીનાં ચરણોમાં સાષ્ટાંગ વંદન કર્યાં. ગુરુએ શિષ્યને ઊભો કરી છાતીસરસો ચાંપી દીધો. બોલ્યા, 'દેવશંકર, તું જ મારો શિષ્ય અને તું જ મારો પુત્ર. મેં સઘળું જ્ઞાન તને આપ્યું છે. એ જ્ઞાનને ગંગાજલ જેટલું પવિત્ર માની તારી ઈચ્છા પ્રમાણે જીવનયાત્રા શરૂ કર. મારા અને ભદ્રામાના આશીર્વાદ સદૈવ તારી સાથે છે.' દેવશંકરે શૂન્યમનસ્ક બની સિદ્ધપુર તરફ પ્રયાણ કર્યું.

**(અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)**

## (૯) ભગવાનના નામથી કરણોમાં સ્નિગ્ધતા પ્રગટે છે

શ્રીમોટા

સિનેમા જોવાથી આનંદ મળશે એમ માનીને લોકો સિનેમા જુએ છે. વળી, એમ પણ માને છે કે એનાથી શાંતિ મળશે, પણ ત્યાં આનંદ કે શાંતિ મળતાં નથી. સિનેમા જોવાથી આપણામાં એક જાતની ઓછાપણાની વૃત્તિ પ્રગટે છે. ઉપરાંત લોભ, કામના અને વાસના જાગે છે. એ કારણ ઊલટાં અશાંત અને દુઃખી થઈએ છીએ. પહેલાં એવી સિનામા હતી કે જેનાથી ભાવ અને ભક્તિ પ્રગટતાં. આજે એવું નથી.

પૈસાથી સુખ-શાંતિ મળે છે એ વાત પણ સાચી નથી. **આજે જીવન એક વિપુલ સંગ્રામ છે.** જીવનનિર્વાહ ચલાવવા માટે જે ધમાલ કરવી પડે છે. તે પહેલાં ન હતી. આજે તો ખર્ચા વધ્યા, માણસો વધ્યે એમ એ એટલું જટિલ થઈ ગયું છે કે એનાથી મન પણ ક્ષુબ્ધ અને ચંચળ પ્રકારનું થઈ ગયું છે. અત્યારનો કાળ વિશેષ જટીલ, કપરો અને દુર્ગમ બની ગયો છે. સંસારમાં ક્લેશ, વિઘ્નો, ત્રાસ અને દુઃખ આવે છે.

**આવા કાળમાં ભગવાનનું નામ લઈશું તો એક જાતની રાહત રહેશે,** સંતોષ અનુભવાશે. આપણે જે નામનો ઉચ્ચાર કરીએ છીએ, તે પાછો અંદર જાય છે. એનાં મોજાં બીજાને કાને જાણ્યે-અજાણ્યે અથડાય છે. સાથે સાથે એ આપણા કાને અથડાઈને, જ્ઞાનતંતુઓ દ્વારા મગજમાં અથડાઈને આપણને પણ સંભળાય છે અને એમ અંદર પણ ભગવાનનું નામ લેવાય છે.

ગાડું ચાલે ત્યારે લોઢાની ધરીમાં જેમ દિવેલ પૂરવાથી સ્નિગ્ધતા પ્રગટે છે તેમ **આપણાં કરણો—મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌માં પણ નામસ્મરણથી સ્નિગ્ધતા પ્રગટે છે.** એ પ્રયોગ કરવાથી ખબર પડે. નામસ્મરણ નિર્દોષ સાધન છે. કંઈ ખર્ચ ન કરવું પડે, વ્યાજ આપવું ન પડે એવું સહજ અને સરળ સાધન છે. નામસ્મરણ મનાદિને સ્પર્શે છે એટલું જ નહિ, પણ શરીરને પણ સ્પર્શે છે.

મહાત્મા ગાંધી તો ત્યાં સુધી કહેતા કે, 'ભગવાનનું સ્મરણ રોગમાત્રને મટાડી શકે છે અને જિંદગીના છેલ્લા તબક્કામાં મારે જ એમાં જિંદગી હોમી દેવી છે. એમણે એ માટે ઉરુલીકાંચનમાં એક આશ્રમ કાઢેલો. ત્યાં વિનોબાજીના ભાઈ રહેતા હતા. ગાંધીજીનો ઉદ્દેશ ગરીબ માણસોનો રોગ સ્મરણથી-જપથી મટે એ માટેનો પ્રયોગ કરવાનો હતો.'

ભગવાનના નામથી રોગ મટે છે એવો ઘણાંનો અનુભવ છે. મારા શરીરને બહુ પહેલાં ટી.બી. થયેલો. તે વખતે હું ભગવાનનું નામ લેતો અને મેં દવા પણ તે વખતે સાથે કરાયેલી. એટલે સ્મરણથી મારો રોગ મટ્યો એ પુરવાર થઈ શકતું નથી. તેમ છતાં એ મટી શકે છે એમ મારું માનવું છે, કારણ કે જપથી રોમેરોમમાં ચેતન પ્રગટે છે અને એમ જ્ઞાનતંતુઓ Tone up થાય છે.

પંડિત ઓમકારનાથે જર્મનીમાં પ્રયોગ

કરાવેલો. એક જાડા કાચની પેટી કરાવેલી. અમુક રાગથી અને સૂરથી એ પેટીનો કાચ તૂટેલો. એટલે સંગીતનાં આંદોલનોમાં આવી શક્તિ છે અને અમુક પ્રકારના અવાજથી ભય, લાગણી, પ્રેમ, મૃદુતા પેદા થાય છે, એ પણ એમણે કરી બતાવેલું. અમુક રાગથી જંગલી પ્રાણીઓને મૃદુ બનાવી શકાય છે, એવું પણ પ્રયોગ કરીને સાબિત કરી આપેલું.

આ સૂર-રાગ ને ભજન-ભાવનામાં કંઈક રહસ્ય રહેલું છે. ભજનની ભાવનામાં અને સંગીતના સૂરમાં પલટો આણવાની શક્તિ છે.

આ તો તમારી બુદ્ધિ સંતોષ પામે તે કારણે દાખલા આપું છું.

'મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા', ત્રી.આ., પૃ.૨૬

*(પૂજ્ય શ્રીમોટાનો ફેફરુંનો રોગ 'હરિઃૐ'ના મંત્રજાપથી મટેલો. પ્રારંભમાં તો તેઓશ્રીને પણ નામસ્મરણથી રોગ મટે એ બાબતમાં શ્રદ્ધા વિશ્વાસ ન હતાં - સં.)*

❑

**(અનુસંધાન પેજ નં. ૧૪ નું ચાલુ)**

શરૂઆતમાં નેત્રમાં ગરમી લાગવાથી અને આંસુ આવવાથી અર્ધી મિનિટમાં જ નેત્ર મીંચાઈ જશે, પરંતુ વારંવાર અભ્યાસ ચાલુ રાખવાથી ધીરે ધીરે સમયની મર્યાદા વધતી જશે. સંસારીઓ માટે બાર મિનિટનું ત્રાટક અનિવાર્ય છે.

ઊગતા સૂર્યની સામે, ચંદ્રની ચાંદની સામે, શુક્રના તારાની સામે, વિશાળ લીલોતરીની સામે, સ્થિર દૃષ્ટિથી જોઈ રહેવાથી ત્રાટક જલદીથી સિદ્ધ થાય છે.

'હિમાલયમાં દિવ્યાનંદ', પ્ર. આ. પૃ. ૫૦ (સંપૂર્ણ)

*(પૂજ્ય શ્રીદયાનંદ તીર્થ ઉર્ફે શ્રીદાસાનુદાસ લિખિત **'હિમાલયમાં દિવ્યાનંદ'**ની લેખનશ્રેણી આ ૯મા લેખથી પૂર્ણ થાય છે. પૂજ્ય બાપજી તરીકે સંબોધન પામતાં પાટડીના આબુરાજ અન્નક્ષેત્રના અધિષ્ઠાતાના અન્ય પ્રકાશિત સાહિત્ય પૈકી **'શ્વાસમાં હરિનો વાસ'** અને **'મૃત્યુનું આયુષ્ય'**માંથી 'હરિભાવ'માં શક્ય તે રીતે લખાણ લેવાની ભાવના છે. સં.)* ❑

**આતમરામ**

મંદિર ગયો, મસ્જિદ ગયો
શોધવા મારો રામ,
આવ્યો અવાજ એક અંતરે
શાને ફરતો દ્વારદ્વાર ?
ભૂલી જા બાહ્ય જગતના દ્વાર
બેસી જા અંતરદ્વાર,
રાગ દ્વેષ તજીને, લે પ્રભુનું નામ
મળશે તારો આત્મરામ.

**-ડૉ. સુધીર મોદી**

(બહેરીન દેશમાં મંદિર (હવેલી) અને મસ્જિદની મુલાકાત બાદ સ્ફુરેલ રચના)

## (૧૦) પૂર્ણબ્રહ્મનારાયણી શ્રી શ્રી આનંદમયી

કાર્તિકેય અ ભટ્ટ

'સંભવ છે કે તમે આ શરીરને તમારા ચિત્તમાંથી બહાર કાઢી મૂકવા માંગતા હો પણ આ શરીર એક દિવસ માટે પણ જશે નહિ, તે તમારા વિચારોમાંથી જતું નથી અને કદાપિ નહિ જાય. જે કોઈપણ વ્યક્તિ પ્રેમપૂર્વક આ શરીર તરફ એકવાર આકર્ષિત થઈ હશે તે સેંકડો પ્રયત્નો કરવા છતાં તે શરીરના મન પર પડેલા ઘેરા પ્રભાવને ભૂંસી નાખવામાં ક્યારેય પણ સફળ નહિ થાય, આ શરીર તેની સ્મૃતિમાં રહે છે અને સદા સર્વદા રહેશે.'

આ શબ્દો છે શ્રી શ્રીમાઆનંદમયીના. શ્રીમાને શાળાનું ઔપચારિક શિક્ષણ પણ ખાસ મળ્યું ન હતું. આમ છતાં આશ્ચર્યજનક રીતે બ્રહ્મ સાથે તાદાત્મ્ય અનુભવીને પોતે આત્મજ્ઞાની હોવાનો પરિચય જગતને આપ્યો હતો. શ્રીમાનું મૂળનામ નિર્મળાદેવી હતું. બંગાળ સરકારના અધિકારી, શ્રીમા અને શ્રીમાના પતિ ભોળાનાથ બાબાના માનસપુત્ર શ્રી જ્યોતિષચંદ્ર રૉયે શ્રીમાને 'મા આનંદમયી' કહીને સંબોધ્યા અને કહ્યું મા, આજે તો હું એકલો તમને 'મા' કહું છું, પરંતુ એક દિવસ એવો આવશે જ્યારે સમસ્ત જગત તમને મા કહેશે. ૧ મે, ૧૯૮૭ના દિવસે ભારતીય તાર-ટપાલ વિભાગે શ્રી મા આનંદમયીના સન્માનરૂપે એક રૂપિયાની ટપાલ ટિકિટ તથા કવર બહાર પાડ્યું હતું.

શ્રીમા સાથે મુલાકાત અને વાર્તાલાપ કરનારાઓમાં વિશ્વના મહાન જ્ઞાની પુરુષો જેવાં કે કૃષ્ણમૂર્તિ, પોંડિચેરી આશ્રમના ડિવાઈન મધર, અલમોડાના મહાયોગી શ્રીકૃષ્ણપ્રેમ, યશોદામા, ક્રિયાયોગના પ્રચારક પરમહંસ યોગાનંદ જેવા અનેકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મહાત્માગાંધી, પંડિત શ્રી જવાહરલાલ નહેરુ, શ્રી સુભાષચંદ્ર બોઝ, સરદાર વલ્લભભાઈ જેવા મહાન નેતાઓ પણ શ્રીમાનાં દર્શન, દોરવણી અર્થે શ્રીમાન સાંનિધ્યમાં ગયા હતા. આ બધામાંથી મહાત્મા ગાંધીજી, શ્રી પંડિત નહેરુ તથા સુભાષચંદ્ર બોઝની મુલાકાત વિશે વાત કરીશું.

ગાંધીજી અને શ્રીમાનું સૌ પ્રથમ મિલન વર્ધામાં થયું. ગાંધીજીએ શ્રીમાને કહ્યું, 'તમારા વિશે સહુથી પહેલાં મને કમલા નહેરુએ વાત કરી હતી. મને આગ્રહપૂર્વક તમને મળવાની વિનંતી કરી હતી. કમલાને તમારા માટે ગુરુભાવ હતો.' શ્રીમાએ કહ્યું, ના એવું નથી, પિતાજી હું કોઈની ગુરુ નથી. હું તો નાની બાલિકા છું. કોઈએ પ્રસ્તાવ મૂક્યો કે મા અને બાપુ એકાંતમાં અંગત વાતો કરે ત્યારે શ્રીમાએ ગાંધીજીને પ્રશ્ન કર્યો, 'પિતાજી એની શી આવશ્યકતા છે ? આપે મને એકાંતમાં કશું કાંઈ કહેવાનું છે ?' પ્રત્યુત્તરમાં ગાંધીજીએ જણાવ્યું, 'ના મારે એકાંતમાં કશું કહેવાનું નથી. મારી વાતો તો તદ્દન ઉઘાડી હોય છે અને સૌ સામે થઈ શકે છે.' શ્રીમાને બે દિવસ રોકાઈ જવા ગાંધીજીએ ખૂબ આગ્રહ કર્યો, પરંતુ શ્રીમા જવા માટે દઢ રહ્યાં. શ્રીમાએ કહ્યું, 'કેટકેટલા લોકો બાપુની આજ્ઞાનું પાલન કરે છે, પરંતુ આ નાનકડી બાલિકા પોતાના 'ખ્યાલ' પ્રમાણે ચાલે છે તેથી બાપુની મરજી મુજબ વર્તી

નહિ શકે.' શ્રી જાનકીદેવી બજાજ શ્રીમાને સ્ટેશને વિદાય આપવા ગયાં ત્યારે શ્રીમાએ ગાંધીજીનો નિર્દેશ કરીને કહ્યું, 'પિતાજીને કહેજો કે હવે પોતાને ઘેર જવાનો સમય પાકી ગયો છે. તૈયાર રહેજો.' ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ પ્રયાગ ત્રિવેણી તટે અર્ધકુંભમેળામાં ગાંધીજીની હત્યાના સમાચાર સાંભળી શ્રીમાએ કહ્યું હતું, 'ગાંધીજીનું મૃત્યુ અહિંસાનું પાલન કરતાં થયું એટલે દેશના બધા લોકો હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી એક થઈ જાય તો કેવું સરસ ? ગાંધીજી સમતાપૂર્વક અહિંસાના ભાવથી રહ્યા અને અંતમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું.'

ઈ.સ. ૧૯૬૦-૬૧ના અરસામાં પંડિત જવાહરલાલ નહેરુની તબિયત નરમગરમ રહ્યા કરતી હતી. આ દરમિયાન તેઓ દહેરાદૂનમાં શ્રીમાનાં દર્શને ગયા હતા. જગપ્રસિદ્ધ વિશ્વચિંતક પૂ. વિમલાબહેન ઠકાર બાળપણથી જ શ્રીમાના સંપર્કમાં હતાં. શ્રીમાએ પંડિત નહેરુ સાથે થયેલા વાર્તાલાપની વાત વિમલાબહેને કરી હતી જેની નોંધ વિમલાબહેનના પ્રવચનોના પુસ્તક **'અવધૂતપ્રસાદી'**માં જોવા મળે છે. આ વાર્તાલાપનો ટૂંકો સાર એ છે કે જવાહરલાલે પર્યાપ્ત ઊંઘ અને મનની શાંતિ માટે કોઈ ઉપાય બતાવવા માને કહ્યું હતું. શ્રીમાએ એક અખંડ ક્ષણની માંગણી કરી હતી અને તે પણ દરરોજ અમુક ચોક્કસ સમયે. જવાહરલાલે શ્રીમાને કહ્યું કે 'મારાં આટલાં બધાં કામો વચ્ચે મને જ્યારે યાદ આવશે ત્યારે રાત્રે, દિવસે, ગમે ત્યારે હું એક ક્ષણ આપીશ. પણ રોજનો ચોક્કસ સમય નહિ આપી શકું.' ત્યારે શ્રીમાએ સ્પષ્ટ રીતે જવાહરલાલને કહ્યું, તો બાબા ઉપાય નહિ થઈ શકે.

તા. ૨૦-૧૦-૧૯૩૮ના રોજ કલકત્તા દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણનાં પત્ની શારદામણિ જ્યાં રહેતાં હતાં ત્યાં શ્રીમાનો મુકામ હતો. શ્રી સુભાષચંદ્ર બોઝ આ દિવસે શ્રીમાનાં દર્શને આવે છે. શ્રીમાએ સુભાષબાબુને પ્રશ્ન કર્યો કે પિતાજી તમે દેશસેવા શા સારુ કરો છો ? એથી કંઈ લાભ છે ? શો લાભ છે એ કહો. તો એ સાંભળીને બધા દેશસેવા કરશે. કશો લાભ ન થવાનો હોય તો કોઈ કશું કરે નહિ. તમે કેવાં ફક્કડ ભાષણ આપો છો, તો કંઈ કરો. બોઝે કહ્યું, 'હું ભાષણ આપવા અહીં નથી આવ્યો દેશસેવા કરવામાં મને આનંદ આવે છે એટલે દેશસેવા કરું છું.' શ્રીમાએ કહ્યું, 'એ આનંદનિત્ય છે ?' બોઝે આ 'નિત્ય' શબ્દનો અર્થ જરા અઘરો છે. એમ શ્રી માને કહ્યું. શ્રીમાએ કહ્યું, જે સદાકાળ છે તે નિત્ય છે. સ્વભાવનો ધર્મ જ નિત્ય આનંદ છે.

ત્યાર બાદ શ્રીમાએ બોઝની જિજ્ઞાસાને કારણે ખંડ આનંદ અને અખંડ આનંદની વિસ્તારથી સમજ આપી. શ્રીમાએ બોઝને સમજાવ્યું કે દેશની સેવા કરવાથી જે આનંદ મળશે તે પણ ખંડ આનંદ જ હશે, પરંતુ સૌને જોઈએ છે અખંડ-આનંદ જે આનંદનો અંત નથી એવો આનંદ. સ્વભાવનું કર્મ કરવાથી જ અખંડ આનંદ મળે છે અને આનંદમાં સ્થિત થાય છે, પરંતુ તમે એવું કહી શકો કે હું એકલો આનંદમાં રહીને શું કરું ? દુનિયાને તો હું નિરાનંદમયી જોઉં છું. એના જવાબમાં કહી શકાય કે જો નિત્યઆનંદની પ્રાપ્તિ થાય તો એ બીજાને પણ આપી શકાય છે. બોઝે જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું, 'મા, સ્વભાવનું કર્મ એટલે

શું ?' શ્રીમાએ સમજાવ્યું, 'કર્મ માત્ર અભાવનું કર્મ છે, કારણ કે અભાવના જ્ઞાન વગર કર્મ થઈ શકતું નથી, પરંતુ જે કામ કરવાથી સ્થાયી આનંદ મળે એને સ્વભાવનું કર્મ કહી શકાય. સ્વભાવ એ જ નિત્ય છે. તમારી અંદર અખંડ છે, એટલે તો તમે અખંડ આનંદ ઝંખો છો. જે તમારી અંદર નથી તેની તમને કદી ઈચ્છા નહિ થાય.'

શ્રીમાએ સુભાષચંદ્રને દેશની સેવા સાથે પોતાની અંદરના દેશની સેવા કરવા કહ્યું હતું. તેનો અર્થ છે પોતાના સ્વ-સ્વરૂપને પામવાનો પ્રયત્ન કરવાનો.

શુક્રવાર ૨૭, ઑગસ્ટ, ૧૯૮૨ના રોજ શ્રીમાએ મહાપ્રયાણ આદર્યું ત્યારે દેશભરના વર્તમાનપત્રોએ બીજે દિવસે પ્રથમ પાના પર શ્રીમાની તસવીર સાથે શ્રીમાના બ્રહ્મલીન થયાના સમાચાર જગતમાં વહેતા મૂક્યા. મહામહોપાધ્યાયની ઉપાધિથી વિભૂષિત, શ્રીમાની પરાવાણીનું યથાર્થ અર્થઘટન કરનાર શ્રી ગોપીનાથ કવિરાજના આ શબ્દો સાથે વિરમીશું, 'શ્રીમાનો સત્ય પરિચય જે હોય તે સાધારણ મનુષ્ય તેની વિશેષ કૃપા સિવાય લેશમાત્ર પણ જાણી શકશે નહિ, આમ છતાં માતા ચરિત્ર અને ઉપદેશથી તે માનું તત્ત્વ સમજી ન શકે તોપણ ચરિત્રમાંથી આત્મોન્નતિના માર્ગની શોધ મેળવી શકશે અને ઉપદેશ દ્વારા સાધન અને આચરણના વિષયમાં ઘણું શિક્ષણ મેળવી શકશે.'

'તમે કોણ છો ?' એવા પ્રશ્નના જવાબમાં શ્રીમાએ કહ્યું હતું 'પૂર્ણબ્રહ્મનારાયણી.'

❑

**(અનુસંધાન પેજ નં. ૧૫ નું ચાલુ)**

સિદ્ધપુરમાં પિતા હરગોવિંદ શાસ્ત્રી અને માતા મહાલક્ષ્મી દેવશંકરને મળતાં અત્યંત ખુશ થયાં. મોટા ભાઈ માણેકલાલનાં લગ્ન સમયે કાશીનો અધૂરો અભ્યાસ છોડીને દેવશંકર આવી નહિ શકેલા એટલે નવા પાત્ર મંગલાભાભીને પણ મળવાનું બન્યું.

એક દિવસ માતાએ લગ્નનો દાણો દબાવ્યો. જવાબ હતો, 'મા, તું જાણે છે કે લગ્ન કરવામાં મને સહેજે રસ નથી. છતાં તું જે કહેશે તેમ કરીશ. તારો બોલ હું નહિ ઉથાપું.' માતાને હૈયે શાંતિ અને ટાઢક થઈ. પોતાનો વરદ હાથ પુત્રના માથે મૂક્યો.

મંદિરને પગથાળે બેસી યુવાન દેવશંકર ચિંતનના ચોતરે ચઢ્યા. કાશી જઈને ભણ્યો, પણ જીવતરનું ખેતર તો વણ ખેડાયેલું છે. ભગવાનને પ્રાર્થના કરી. દૃઢ ભક્તિ-વૈરાગ્ય માટેની ખેવનાનું હવે શું થશે ? પણ બીજી તરફ માતાની ઈચ્છા વેણને ઉથાપવાની પોતાની શક્તિ જાણે ક્ષીણ થઈ ગઈ હતી.

દેવશંકરે લગ્ન અંગે પોતાની ઈચ્છા જણાવી કે તદ્દન સાદગીથી, ઓછા માણસો સાથે, વરઘોડા વિના હું પરણીશ. વર્ષો પહેલાં શિવમંદિરમાં જેના ઉપર મન સ્થિર થયું હતું તે કાળુરામ ઠાકરની દીકરી આનંદી સાથે સાદાઈથી લગ્નવિધિ થઈ. બે વર્ષના સહચર્યના જીવનના ગાળામાં દેવશંકરને પુત્રીરત્ન ભેટ આપી, કાળમુખા તાવે પત્ની આનંદીનો જીવનદીપ બુઝાવી દીધો. (ક્રમશ)

'પરમ પૂજ્ય ગુરુમહારાજ દેવશંકર બાપા', પ્ર. આ., પૃ. ૪૫ ❑

## (૧૧) આચારવિચાર

શ્રી ઈન્દુભાઈ રોશનિયા

વિચાર આચાર શબ્દને બદલે આચારવિચાર શબ્દ કેમ પ્રચલિત છે ? માત્ર વિચારો અને ઘણી માહિતીઓ વ્યક્તિ પાસે હોય તેનું જીવન સમૃદ્ધ છે એવું કહી શકાય ? બિલકુલ નહિ. આ વાતનું સમર્થન કરતાં પૂ. શ્રીમોટા એમના પુસ્તક **'જીવન દર્શન'**માં લખે છે કે ખાલી વાતો કર્યે ને બુદ્ધિની સમજણના તડાકા ફેંકે રાખ્યે જીવન મેળવી શકાતું નથી. પૂ. શ્રીરંગઅવધૂતજી પણ આ વાત જરા જુદી રીતે કહે છે કે મારે વાણી શૂરા નહિ વર્તન શૂરા ભક્તોની જરૂર છે. અંતે શું સાબિત થયું ? આચરણ પ્રથમ ધર્મ છે. મતલબ કે જ્ઞાનને અમલમાં મૂકવું જરૂરી છે. અને તો જ જીવન સમૃદ્ધ બને. આવું ન કરીએ તો શું થાય ? જ્ઞાનં ભાર ક્રિયાં વિના. જ્ઞાન બોજારૂપ બની જાય છે. દા.ત., સ્વસ્થ રહેવા માટે પૌષ્ટિક સાત્ત્વિક આહાર લેવો જોઈએ આ વાત દરેક વ્યક્તિ જાણે છે, પરંતુ આ વિચાર વ્યક્તિ અમલમાં ન મૂકે તો શું થાય ? અપરાધ ભાવ પેદા થાય. અંગ્રેજીમાં એને 'ગીલ્ટી કોન્સિયસ' કહે છે. મહાભારતમાં દુર્યોધનના મુખમાં વ્યાસજીએ કંઈક આવી જ વાત મૂકી છે. 'ધર્મ આચરી શકતો નથી અને અધર્મ છોડી શકતો નથી.' તેથી દરેક વ્યક્તિએ એક પ્રોગ્રામનું આયોજન પોતાની રોજનિશિમાં બનાવવું જોઈએ. તો આ રહ્યો તે પ્રોગ્રામ. જીવનને ઉન્નત બનાવવા તમારી પાસે જે કંઈ જ્ઞાન છે તે તમે અમલમાં મૂક્યું છે ? મૂકી શક્યા નથી તો તેનાં અવરોધક પરિબળો કયાં ? દા.ત., વહેલા સૂઈને વહેલા ઊઠવું-હેલ્થ માટે સારું છે. આ વિચારને તમે આચરણમાં કેમ મૂકી શકતા નથી ? અવરોધક-અડચણરૂપ પરિબળ છે. ટી.વી. તથા રાત્રિભોજનમાં જંક ફૂડ ખાવું. આ બાધક કુવિચારને તિલાંજલિ આપી દો. સદ્‌વિચાર અમલમાં મૂકી દો. બાકી સર્વ આપોઆપ ગોઠવાઈ જશે. જેમ ઍંજિનની પાછળ જોડેલા ડબ્બા દોડતા આવે છે. એક સુટેવ પાછળ બીજા શુભ વિચારો આવવા લાગશે. વેદમાં શું કહ્યું છે ? 'ચારે દિશાઓમાંથી અમને શુભવિચારો પ્રાપ્ત થાવ.' આ સિવાય મનને મિત્ર બનાવવું પડશે. મન અતિ ચંચળ છે. તેને વશમાં લાવવાનો ઉપાય શ્રીમદ્ ભગવત્ ગીતામાં આપેલ છે. 'અભ્યાસ અને વૈરાગ્યથી' મન વશમાં આવે છે. વારંવાર મનને ટોકતા રહેવાથી મન સુટેવ અપનાવે છે. વૈરાગ્યની વાત કરીએ. આપણે જે માનવ શરીરો જોઈએ છીએ તે સર્વ રાખના રમકડાં છે. નાશવંત છે. સાથે સાથે પરમાત્માની રહેવાની જગ્યા પણ છે. તેથી આવા નશ્વર દેહ માટે આસક્તિ ભાવ રાખવો તે ઉચિત નથી. દેહનું લાલનપાલન ઘટી જશે તો આપોઆપ મન વશમાં રહેશે. સદાચાર જીવનમાં આવશે. જપ અને ધ્યાન કરવાથી પણ મનને સમજી શકાય અને વશમાં પણ કરી શકાય. ❑

॥ હરિઃૐ ॥

(અનુષ્ટુપ)

**માત્ર વિચાર ને વાતો કર્યે આકાર ના બને,**
**કર્મ વિના ઘડાતું ના કોઈ જીવન ક્યાંય તે.**

'કર્મગાથા', બીજી આ., પૃ. ૭૧ -શ્રીમોટા

# (૧૨) સત્સંગ : પ્રશ્નોત્તરી

**સ્વામી શરણાનંદજી**

**પ્રશ્ન :** મન શું છે ?

**ઉત્તર :** વાસનાઓના સમૂહનું નામ મન છે. યદ્યપિ જ્ઞાનથી વાસનાઓનો અંત આવે છે. હૃદય શુદ્ધ થવાથી જ્ઞાન આવે છે ત્યાગ અને પ્રેમથી હૃદય શુદ્ધ થાય છે. શરીર વગેરે કોઈ પણ વસ્તુને પોતાની ન માનવી એ ત્યાગ છે. પરમાત્માથી કોઈ પણ પ્રકારની જુદાઈ ન રહે તે પ્રેમ છે. ત્યાગ હશે તો પ્રેમ આવશે.

**પ્રશ્ન :** મનને વશ કરવાનો શો ઉપાય છે ?

ઉત્તર : (૧) મમતાનો ભાર મન પરથી દૂર કરવો. (૨) મનને જ્યાંથી હઠાવવા ઈચ્છતા હો તેને નાપસંદ કરો અને મનને જ્યાં લગાડવા ઈચ્છતા હો તેને પસંદ કરો. (૩) બીનજરૂરી કામ છોડો, જરૂરી કામ પૂર્ણ કરો. (૪) માત્ર પ્રભુને જ પોતાનો માનો.

**પ્રશ્ન :** ભગવત્પ્રાપ્તિ આડે શું વિઘ્ન છે ?

**ઉત્તર :** સંસારની આસક્તિ એ જ મોટામાં મોટું સંસાર બાધક નથી, સંસાર સાથેનો સંબંધ બાધક છે. પરિવારની સેવા કરો પણ સંબંધ ના માનો. પોતાની મમતાનો ભાર ભગવાનને હવાલે કરી દો. ભગવાન એને શુદ્ધ, સ્વસ્થ અને શાંત કરી દેશે. પરિણામે મનની ચંચળતા ઘટી જશે. મન તો એક દર્પણ છે. મનને બૂરું ન સમજવું, મનની નિંદા ન કરવી. વિવેકના પ્રકાશમાં પોતાના મનની વસ્તુસ્થિતિનું અધ્યયન કરવું અને પોતાનામાં જે ખામીએ જણાય તેને સદ્વાંચન, સત્સંગના પ્રકાશથી દૂર કરવી.

**પ્રશ્ન :** કામનો અર્થ શો છે ? તેના નાશનો ઉપાય શો ?

**ઉત્તર :** વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ અને અવસ્થા પ્રત્યેના આકર્ષણને કામ કહે છે. જે નથી તેના આકર્ષણનું નામ કામ છે. જે નથી તેના અસ્તિત્વનો અસ્વીકાર કરવાથી અને જે છે એટલે કે પ્રભુના અસ્તિત્વનો સ્વીકાર કરવાથી 'કામ'નો નાશ થશે.

**પ્રશ્ન :** 'શ્રમ' અને વિશ્રામ શું છે ?

**ઉત્તર :** શ્રમ અને વિશ્રામ જીવનનાં બે પાસાં છે. શ્રમ છે સંસાર માટે. વિશ્રામ છે પોતાના માટે. બીજાના હિત માટે શ્રમ કરો અને પોતાના હિત માટે વિશ્રામ કરો. વિશ્રામનો અર્થ છે કામનાઓથી રહિત થવું. વિશ્રામ સહજ છે, સ્વાભાવિક છે.

**પ્રશ્ન :** મનુષ્ય મરવાથી શા માટે ડરે છે ? મૃત્યુનો શો મહિમા છે ?

ઉત્તર : શરીરને 'હું' માની લેવાથી તેમ જ મૃત્યુનો મહિમા ન જાણવાના કારણે મનુષ્ય મરવાથી ડરે છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ત્રણે અલગ અલગ દેખાય છે, પરંતુ વિચાર કરવાથી જણાશે કે તેમાં ક્યાંય ભેદ નથી. બાલ્યાવસ્થાનો અંત અને કિશોર અવસ્થાની ઉત્પત્તિની માફક જ યુવાની અને વૃદ્ધાવસ્થા વગેરે બધી અવસ્થાઓનું પરિવર્તન દરેક સમયે થતું રહે છે. મૃત્યુ જ બીજા નવીન જીવનનું કારણ બને છે.

**પ્રશ્ન :** જીવન્મુક્તિનું સ્વરૂપ શું છે ?

**ઉત્તર :** ઈચ્છાઓ બાકી રહી હોય અને

**(અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)**

આધ્યાત્મિક જ્ઞાનના પાયામાં ધર્મ રહેલો છે. **ધર્મ એટલે જીવનમાં ઉચ્ચ ગુણ પ્રગટાવવા તે.** ધર્મપાલન કરતાં પરમાર્થ અને ત્યાગ પ્રગટવા જોઈએ. સંસારમાં રહેવા છતાં કામક્રોધાદિ મોળા પડી જાય, લક્ષ્મીની લોલુપતા ઘટે. જે ખરેખરો ધર્મ પાળતો હોય તેવો સંસારી જીવ ઋણને ભૂલતો નથી. પિતૃઋણ, માતૃઋણ, ધરતીમાતાનું ઋણ, દેવનું ઋણ, સમાજનું ઋણ. સમાજનું ઉત્થાન થાય એ રીતે એમાં ભાગ લે, પોતાની આહુતિ આપે.

આવો ધર્મિષ્ઠ માનવી ભગવાન પ્રતિ મો ફેરવે છે. એવો માણસ કોઈને છેતરશે નહિ. પોતે કદાચ છેતરાઈ જાય, પોતે અન્યાય સહન કરશે, બધાંની સાથે એ વહેંચીને ખાશે.

ચેતનામાં પ્રગટેલો માનવી બધે જ ભગવાનને જુએ છે, ને સમાજની, દેશની સેવા કરે છે. આ રીતે સમાજના ઉત્થાનમાં આધ્યાત્મિક વિજ્ઞાન ભાગ ભજવે છે.

ધર્મ પાળનાર વ્યક્તિમાં સમર્પણભાવ મોખરે હશે. ધન વગેરે આપો તે તો સ્થૂળ સમર્પણ કહેવાય, પણ એટલેથી બધું પતી જતું નથી. સ્થૂળનું સમર્પણ સૂક્ષ્મ પ્રગટાવવા માટે છે. પ્રત્યેક કર્મ, વિચાર, વૃત્તિ, લાગણી, ભાવના, પ્રાણનો આવેશ, આવેગ, કામના, લોલુપતા, આશા-ઇચ્છા, અહમ્, ગમા-અણગમા અને બુદ્ધિના જડ આગ્રહ, એ બધું શ્રીભગવાનને ચરણે પ્રેમભક્તિપૂર્વક સમર્પણ કર્યા કરવાનાં છે.

આવું સમર્પણ જોકે એકદમ થઈ શકતું નથી, પણ તકેદારી રાખે તો ધીમે ધીમે થઈ શકે. એવું સમર્પણ ઘરેડની રીતે થવું ન જોઈએ એની પાછળનો ભાવ જીવતો રહેવો ઘટે. ભલે આપણાં આવાં કર્મો અધૂરાં હોય, અયોગ્ય હોય, છતાં ભક્તિપૂર્વક, પ્રભુને તે બધું સારું ને નરસું સમર્પણ કર્યા કરવું જોઈએ. આવો સમર્પણનો અભ્યાસ જેમ જેમ વધ્યા કરશે તેમ તેમ અહંભાવ ઓગળતો જશે.

'શ્રીમોટા સાથે વાર્તાલાપ', છઠ્ઠી આ., પૃ. ૧૨૭ ❑

**(અનુસંધાન પેજ નં. ૨૨ નું ચાલુ)**

પ્રાણ નીકળી જાય તો મૃત્યુ થયું ગણાય અને પાછો જન્મ લેવો પડે. પ્રાણ હોય અને ઇચ્છાઓ સમાપ્ત થઈ જાય તો મુક્તિ મળે. જેમ કે બજારમાં કોઈ જાય અને પૈસા ખલાસ થઈ જાય પણ જરૂરિયાતોની ખરીદી બાકી રહી જાય તો ફરીથી બજારમાં જવું પડે. પૈસા હોય અને જરૂરિયાતો પૂરી થઈ જાય તો પછી બજારમાં શા માટે જવું ?

**પ્રશ્ન :** પૂજાનો અર્થ શો ?

**ઉત્તર :** સંસારને ભગવાનનો માનીને તેની પ્રસન્નતા માટે સંસારથી મળેલી વસ્તુઓને સંસારની સેવામાં લગાડી દેવી એ જ પૂજા છે !

**પ્રશ્ન :** સ્તુતિ, ઉપાસના તથા પ્રાર્થનાનો શો અર્થ છે ?

**ઉત્તર :** પ્રભુના અસ્તિત્વનો અને મહત્ત્વનો સ્વીકાર કરવો એ જ સ્તુતિ છે. પ્રભુ સાથે પોતાપણાનો સંબંધનો સ્વીકાર કરવો એ ઉપાસના છે અને પ્રભુ પ્રેમની આવશ્યકતાનો અનુભવ કરવો એ પ્રાર્થના છે.

'પ્રશ્નોત્તરી સંતવાણી', પ્ર. આ.માંથી સાભાર
પ્રેષક : રજનીભાઈ બર્માવાલા ❑

# (૧૪) શ્રીસદ્‌ગુરુલક્ષણ

**સમર્થ સ્વામી રામદાસ**

સાહિત્ય, અલંકારશાસ્ત્ર, રાગજ્ઞાન, ગીત, નૃત્યુ વગેરે શીખવે તે ગુરુ છે. ઉદર પોષણની વિદ્યા શીખવનાર ગુરુ છે. આપણાં માતાપિતા પણ ખરું જોતાં ગુરુ જ છે, પરંતુ ભવસાગરની પેલી પાર પહોંચાડનાર સદ્‌ગુરુ જુદા જ હોય છે. ગાયત્રીમંત્રનો ઉચ્ચાર કહેનારને કુલગુરુ કહેવાય છે, પરંતુ તેઓ સંસારસાગર તરી ગયેલા હોતા નથી.

બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરે, અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે, જીવાત્મા અને પરમાત્માનું, જીવ-શિવનું તથા ઈશ્વર ભક્તનું ઐક્ય કરી દે તેને જ સદ્‌ગુરુ કહી શકાય. માયાની જાળમાં સપડાયેલ પ્રાણીઓને તેમ જ સંસારનાં વિવિધ દુઃખોથી દુઃખી થયેલાંઓને જે મુક્ત કરે તેને સદ્‌ગુરુ જાણવા. વેદો, શાસ્ત્રો તથા પંડિતોનો અનુભવ એક જ હોય છે અને તે સર્વનું ઐક્ય શ્રીસદ્‌ગુરુસ્વરૂપે થઈ રહ્યું છે.

જેણે મનને જીત્યું નથી તે સદ્‌ગુરુ નથી, પરંતુ શિષ્યની પાછળ પડેલો લોભીઓ ભિક્ષુક છે. એવા ગુરુઓ કોડીના ત્રણ મળે તોપણ તેને ત્યજવા. શિષ્યને જે સાધનામાં ન લગાડે, શિષ્યને ગમતી હોય તેવી વાત ખુશામત સાથે કરે એવા રાખરખાવટવાળા અધમથી પણ અધમ ગુરુ છે. અદ્વૈતના નિરૂપણમાં સમર્થ વક્તા હોય છતાં પણ વિષયલોલુપ હોય એવા ગુરુથી કાંઈ સાર્થક થતું નથી. સામર્થ્યસિદ્ધિનો અભિલાષ રાખનાર અને એ કામનાથી ભગવદ્‌ભજન કરનારને ઈશ્વરની પ્રાપ્તિ થતી નથી. કામનાને લીધે ઘણા જ્ઞાનીઓ ઠગાયા છે, ગાંડા બન્યા છે અને કેટલાકો મૂર્ખ બનીને મરણ પામ્યા છે.

આત્મસ્વરૂપનો ખજાનો સર્વ કોઈનો છે, છતાં પણ દેહાભિમાનની પરાધીનતા નહિ છૂટવાથી ઈતર લોકો ઈશ્વરીય માર્ગથી વિમુખ થઈ જાય છે. સિદ્ધિ તથા સામર્થ્યનું સંપાદન કરવાથી દેહની મહત્તા વિશેષ પ્રબળ થાય છે અને દેહબુદ્ધિ દ્વિગુણિત થાય છે. વળી, કામના સરખું અન્ય કાંઈ પણ દુઃખ છે જ નહિ. ઈશ્વરપ્રાપ્તિ વિનાની બીજી જે કામના રાખવામાં આવે તેથી અનેક જાતનાં દુઃખો વેઠવાં પડે છે. સદ્‌ગુરુ દ્વારા જ આ ભવસાગરને તરીને પેલી પાર જઈ શકાય છે. સદ્‌ગુરુના થકી નવધા ભક્તિનો આધાર અન્ય ઘણા મનુષ્યોને મળી શકે છે.

શ્રીસદ્‌ગુરુનાથ ઘણા શિષ્યોના પાલનકર્તા હોય છે અને એઓને ઘણાંઓની ચિંતા હોય છે. સમર્થ સદ્‌ગુરુ પાસે સાધનો પણ અનેક હોય છે. ગુરુ અનેક પ્રકારના હોય છે, જેમ કે મંત્રગુરુ, યંત્રગુરુ, તંત્રગુરુ, કુલગુરુ, વિદ્યાગુરુ, જાતિગુરુ, માતાગુરુ, પિતાગુરુ વગેરે આ પ્રકારના ૧૭ (સત્તર) ગુરુઓ કહેવામાં આવ્યા છે, પરંતુ મોક્ષદાતા ગુરુ તો જુદા જ હોય છે. તેને સદ્‌ગુરુ કહેવામાં આવે છે. અને મુમુક્ષુએ એવા સદ્‌ગુરુના જ શરણે આદરપૂર્વક જવું. આવા સદ્‌ગુરુ દ્વારા ઘણા લોકોનો ઉદ્ધાર થાય છે.

'શ્રીદાસબોધ', બીજી આ; પૃ. ૧૯૬ ❑

## (૧૫) 'બાળકોના મોટા' : ઑડિયો બુક

**સંપાદક**

પૂ. શ્રીમોટાની જીવનલીલાના કેટલાક પ્રસંગોનું લેખન **'બાળકોના મોટા'** ટાઇટલથી શ્રી મુકુલભાઈ કલાર્થીએ કર્યું છે. બાળકોનાં મનહૃદયમાં પૂજ્યશ્રીના જીવનની વાતો સીધી જ ઊતરી જાય એવી બાળ ભાષામાં તૈયાર થયેલ આ પુસ્તિકાનું અધિકૃત પ્રકાશન હરિઃૐ આશ્રમ, નડિયાદ અને હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં **'બાળકોના મોટા'** પુસ્તિકાની ૧,૪૨,૦૦૦ નકલ પ્રકાશિત થઈ છે અને ગામેગામ શાળાઓ, સંસ્થાઓ અને સ્વજનો પાસે ઉપલબ્ધ છે. આ પુસ્તિકાનો હિંદી અનુવાદ बालकों के मोटा અને અંગ્રેજી અનુવાદ Mota For Children સ્વરૂપે પણ ઉપલબ્ધ છે.

આધુનિક ટેક્નૉલૉજીના વિકાસ સાથે હવે ડિજીટલ યુગ આવ્યો છે. બદલાતાં સમય સાથે પુસ્તકોનાં સ્વરૂપ પણ બદલાયાં છે. હવે પુસ્તકો ઈ-બુક ઑડિયો બુક અને ઑડિયો-વિડિયો બુક સ્વરૂપે ઉપલબ્ધ થતાં જાય છે. બાળ માનસ વિજ્ઞાને પ્રસ્થાપિત કર્યું છે કે દશ્ય અને શ્રાવ્ય માધ્યમથી બાળકોની ગ્રહણ શક્તિ અનેકગણી સતેજ થઈ જાય છે અને એટલે જ હવે શાળાઓમાં આ માધ્યમનો નિયમિત ઉપયોગ કરવામાં આવે છે. અમદાવાદના એક સ્વજન તરફથી **'બાળકોના મોટા'** પુસ્તિકાનું ગુજરાતી ઑડિયો બુક સ્વરૂપે ઉપલબ્ધ કરાવવાના સૂચનનો સ્વીકાર કરતાં 'હરિવાણી ટ્રસ્ટે' **'બાળકોના મોટા'** પુસ્તિકાને તેના મૂળ ૨૭ પ્રકરણ મુજબ ડિજીટલ MP3 ફોરમેટમાં કુલ ૨૭ ટ્રેકમાં ઑડિયો બુક સ્વરૂપે તૈયાર કરાવ્યું છે તથા આ ઑડિયો બુકના સર્વ અધિકારો હરિઃૐ આશ્રમ, સુરતને આપવામાં આવ્યા છે. હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટીમંડળે 'હરિવાણી ટ્રસ્ટ'ની આ અંગેની દરખાસ્તનો સ્વીકાર કરતાં આ ઑડિયો બુકને આશ્રમની પેન ડ્રાઈવ તથા વેબ સાઈટ www.hariommota.org ઉપર ઉપલબ્ધ કરવાનો નિર્ણય કરીને તેમ જ હવે પછી સમયાનુસાર આ બુકનું ડિજીટલ અપગ્રેડેશન આશ્રમ કરાવશે, એવી જવાબદારી સ્વીકારીને અમોને ઉપકૃત કર્યા છે, તે બદલ અમો તેમના આભારી છીએ. ગુરુપૂર્ણિમા તા. ૧૬-૭-૧૯ના રોજ હરિઃૐ આશ્રમ, સુરત અને હરિઃૐ આશ્રમ, નડિયાદ ખાતે સ્વજનોની ઉપસ્થિતિમાં આ અંગેની જાહેરાત પણ કરવામાં આવી છે.

આ ઑડિયો બુક થકી સમાજમાં તમામ ઉંમરના લોકો પોતાની અનુકૂળતા મુજબ પૂ. શ્રીમોટાની જીવનલીલા સાંભળી શકે. સવિશેષ પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગ લોકો પૂ. શ્રીમોટાથી માહિતગાર થાય અને પોતાના જીવનમાં પ્રેરણા અને સધિયારો પામે એવી અમારી ભાવના છે. આ ઑડિયો બુકના પ્રકાશન કાર્યમાં અમોને મદદરૂપ થનાર સર્વ સ્વજનો તથા પ્રા. અશ્વિનભાઈ એમ આણદાણી જેમણે પૂ. શ્રીમોટાની જીવનલીલાનું ભાવ અને ભક્તિપૂર્વક સ્વરાંકન કર્યું છે, તેમના સવિશેષ આભારી છીએ. પૂ. શ્રીમોટાનાં સ્વજનો અને સમાજનો જિજ્ઞાસુ વર્ગ આ ઑડિયો બુકનો લાભ લેશે એવી ભાવનાથી આ જાણકારી પ્રકાશિત કરીએ છીએ.

(**નોંધ :** સોશિયલ મિડિયા ઉપર તો તા.૧૬-૭-૨૦૧૯થી જ આ ઑડિયો બુક ઉપલબ્ધ બની રહી છે.)

## (૧૬) જીવતો આશ્રમ

**રમેશ ભટ્ટ**

શ્રીમોટાને પૂજ્ય શ્રીબાળયોગી મહારાજે ૧૯૨૩માં નડિયાદમાં દીક્ષા આપી. એ પછી શેઢી નદીના દખ્ખણિયા ઓવારા ઉપર આવેલા એક ટેકરા ઉપરના વિશાળ વડ ઉપર બેસાડીને નામસ્મરણ પ્રયોગ કરાવ્યો. શ્રીબાળયોગીજી મહારાજે કહેલું કે **'આ સ્થળે તારો આશ્રમ થશે.'** શ્રીમોટાએ એ વખતે તો એમ માનેલું કે પોતાને સારું લગાડવા તેઓશ્રી આમ કહેતા હશે. તે પછી ૧૯૫૫માં એ સ્થળે જવાનું થતાં શ્રીમોટાને ગુરુવચનનું સ્મરણ થયું. આમ, ૧૯૨૩માં ગુરુમહારાજે કરેલી આગાહી ૧૯૫૫માં ફળી, પરંતુ આશ્રમની ભાવના અને તેના કાર્યનું દર્શન શ્રીમોટાને ૧૯૪૬માં થયું હતું.

૧૯૩૯માં પરમાત્માનાં અનુભવદર્શન પછી શ્રીમોટા સતત ફરતા હતા અને જ્યાં જ્યાં નિમિત્ત હોય ત્યાં ત્યાં જતા હતા . સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલી કુરુક્ષેત્ર સ્મશાનભૂમિ પાસેની જમીન હરિઃૐ આશ્રમ માટે લેવાઈ. તે પછી એ જમીનની જાળવણીની જવાબદારી સોંપવા માટે સ્ટૅમ્પ પેપર ઉપર શ્રીમોટાએ કરાર લખેલો. **એમાં પોતાનું નિવાસસ્થાન દર્શાવતાં 'ફરતારામ' એમ લખેલું છે.** કાનૂની કરારમાં આવો શબ્દ કાયદેસર ન ગણાય, પરંતુ શ્રીમોટાનો એ કાયદો પોતામાંથી પ્રગટેલો હતો.

આવા ફરતારામ શ્રીમોટાની સાથે રહેવા ઈચ્છતા અને ઝંખતા શ્રી હેમંતકુમાર નીલકંઠને વારંવાર એમ થયા કરતું કે શ્રીમોટા એક આશ્રમ કરે તો ત્યાં નિરાંતે રહેવાય. શ્રીમોટાએ આશ્રમની સ્થાપનાની માગણીના જવાબમાં લખ્યું છે કે :-

'વળી મારે આશ્રમ કેવો ? તમે બધાં જ ધારો તો જીવતો આશ્રમ થઈ શકો.' જીવતો આશ્રમ એટલે શ્રીમોટાનાં સ્વજનો. શ્રીમોટાને તો આશ્રમની જરૂર જ નથી. એ બાબત તો તેઓશ્રીએ પહેલા જ વાક્યમાં પ્રશ્નથી સ્પષ્ટ કરી છે. 'જીવતા આશ્રમ'ના નિર્માણની ડિઝાઇનની વિગત ઝીણવટથી સમજવા જેવી છે. શ્રીમોટા જણાવે છે કે 'જે કોઈ જીવ હૃદયમાંનું હૃદયથી બની જાય, તો શા કાજે કોને વળગેલું છે તેનું તેને સાચું જ્ઞાન પ્રગટે અને તે પોતાની માનસિક ભૂમિકા જરૂર ઊંચે લાવી શકે.'

તાત્પર્ય કે આપણી સૌની માનસિક ભૂમિકા ઊંચે આવે તેટલા પ્રમાણમાં 'જીવતા આશ્રમ'ના મિનારા ઊંચા જણાય. સામાન્ય રીતે આપણાં બધાં કામોની પાછળ આપણાં મનના વિચારો અને વૃત્તિનાં વલણો મર્યાદિત અને નિમ્નગામી હોય છે. આવાં કામ દ્વારા જે 'આંતરિક કર્મ' સધાવું જોઈએ એ બાકી રહે છે. પરિણામે પાયો જ કાચો રહે છે. એટલા માટે શ્રીમોટાએ ઉચ્ચ વિચાર ભાવવાળી માનસિક ભૂમિકા કેળવવાનું સૂચવ્યું છે. આપણે પ્રભુના જ છીએ, એ હકીકતને માત્ર મન અને બુદ્ધિથી સ્વીકારીને બેસી રહેવાનું નથી, પરંતુ એના અનુભવ માટે મથવાનું છે. આ માટે હૃદયથી એવું મંથન થાય એ જરૂરી છે. એમ મથવાથી આપણી માનસિક ભૂમિકા ઊંચે આવતી જાય. શ્રીમોટા સાથે દિલથી વળગી રહેવાથી, અને શા માટે વળગ્યાં છીએ એનું જ્ઞાન રાખીએ તો માનસિક ભૂમિકા જરૂર ઊંચી આવે. આમ થતાં આપણામાં આકાશભૂમિકા બંધાય. આથી, શ્રીમોટા લખે છે કે 'જો તે (સ્વજન) સાચેસાચું આકાશ- ભૂમિકાનું બની જાય તો તેની દ્વારા પ્રકાશ ફેલાવવાનું પ્રભુનિર્મિત કાર્ય કેટકેટલું થઈ શકે ! શ્રીપ્રભુકૃપાથી જે સ્વજન એવી ભૂમિકાવાળાં બને છે, તે જ મારે મન તો સાચો આશ્રમ છે.'

'હરિઃૐ આશ્રમ ભગવાનને અનુભવવાનું સ્થાન', બીજી આ., પૃ. ૯ ❑



॥હરિઃૐ॥

પૂજ્ય શ્રીમોટાના દેહસંબંધે નાના ભાઈ શ્રી સોમાભાઈને સ્વજનો સોમાકાકા તરીકે ઓળખતાં હતાં. તેઓશ્રીના હસ્તાક્ષરમાં લખેલ નીચેની રચના તથા તસવીર મળી આવતાં જેમની તેમ પ્રકાશિત કરી છે.

પૂજ્ય શ્રીમોટાના અમદાવાદના સદ્‌ગત સ્વજન શ્રી જયંતીભાઈ ગાંધીના પૌત્ર ચિ. કુણાલ રોહિતભાઈ ગાંધી તેમના ખોળામાં છે.

- સંપાદક

<u>દીધા થી કોઈ દી ના ઘટે -</u>

દીધા થી કોઈ દી ના ઘટે, હો સંતો વ્હાલા, દીધા થી કોઈ દી ના ઘટે,
તમે આપો રે આપો તેમ વધે, હો સંતો વ્હાલા દીધા થી કોઈ દી ના ઘટે.

૧- વાવો છો એક બીજ પામો છો કેટલાં, કણ ના મણ મણ થાયે,
શેઠીઓ પાઈ પાઈ રૂપીઆ રળે ભાઈ, એવા વેપારી ગણાયે,
- હો સંતો વ્હાલા દીધા થી કોઈ દી ના ઘટે.

૨- બોરડી એકલી કેટલાં બોર દે, તેનો તો દાખલો વિચારો.
દીધું તેથી તેનું ખરી ગયું ના, થયો વર્ષે વર્ષે વધારો.
- હો સંતો વ્હાલા દીધા થી કોઈ દી ના ઘટે.

૩- દુનિયા પાણી પી જાય છે કેટલું, તેનો તો કરો રે સરવાળો,
મેઘલો ગાજી ગાજી માંડે વરસવા તો, એનો અંજામ શો વિચારો,
- હો સંતો વ્હાલા દીધા થી કોઈ દી ના ઘટે.

૪- દેજો દેજો એમ ઉછળી ઉછળી ને કહેતો, દેજો ને ડોલતો સાગર શાણો,
આજ છે ભરતી કાલે આવશે ઓટ, પછી મોકો વહી જશે દીવાનો.
- હો સંતો વ્હાલા દીધા થી કોઈ દી ના ઘટે.

તમે આપો રે આપો તેમ વધે, હો સંતો વ્હાલા દીધા થી કોઈ દી ના ઘટે.

- શ્રી સોમાભાઈ ભાવસાર

**HARIBHAV, AUGUST - 2019**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020




પૂજ્ય શ્રીમોટાના જીવનના કેટલાક લીલા પ્રસંગોનું લેખન 'બાળકોના મોટા' શ્રી મુકુલ કલાર્થીએ કરેલ છે અને તેનું પ્રકાશન હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા થયેલું છે.

આ પુસ્તિકાનું 'ઑડિયો બુક' રૂપે પ્રકાશન હાલમાં 'હરિવાણી ટ્રસ્ટ', અમદાવાદ દ્વારા કરાયું છે.

આ 'ઑડિયો બુક' હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ **www.hariommota.org** ઉપર ઉપલબ્ધ છે.

'ગુરુપૂર્ણિમા'
તા. : ૧૬-૦૭-૨૦૧૯

- ટ્રસ્ટી મંડળ,
હરિવાણી ટ્રસ્ટ, અમદાવાદ

આ અંગેનો લેખ આ અંકમાં ક્રમાંક ૧૫, પૃષ્ઠ ૨૫ ઉપર છે.

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust, B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com